March 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB


જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTB. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 21 • Issue 6 / 241

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 40 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



**મારા વહાલા વતન, પાટણના પટણીઓ**
**પ્રણામ !**

**સૌના અંતરમાં આનંદનો ધબકાર છે...**
**રોમેરોમ ખુશીનો રણકાર છે...**
**શબ્દે શબ્દે શુભેચ્છાનો ટહુકાર છે...**
**સૌ યાત્રિકોની અનુમોદના છે...**



**સરિતાના જળમાં નવજીવન અર્પતા પ્રભુને જોયા,**
**ફુલોની સૌરભમાં પ્રભુને પરિભ્રમણ કરતા જોયા,**
**દેવ વિમાનમાં આકાશમાં પ્રભુને વિહરતા જોયા,**
**સૌ યાત્રિકોના હૃદયમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા વધતા જોયા.....**

દેવ ગુરુ ધર્મની અસીમ કૃપા અને પરમાત્માના આશીર્વાદથી આપણા સૌની **૪૭ કલ્યાણકોની તીર્થભૂમિની, શ્રાવસ્તી, અયોધ્યા, કોસાંબી, વારાણસીની યાત્રા** કુલ ૬૬૦ યાત્રિકો સાથે ભાવ ભક્તિથી સંપન્ન થઈ. એનો આનંદ, એની સ્મૃતિ સૌ કોઈના હૃદયમાં આજે પણ સ્મરણાંજલિની જેમ અકબંધ રહી છે અને રહેશે.

**તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૨૬થી તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી આ યાત્રા પ્રવાસ ખુબજ સુખદ અને સફળતાપૂર્વક થયો. મુંબઈથી ફ્લાઈટમાં આવવા-જવાની સગવડ સાથે અને ફાઈવસ્ટાર જેવી હોટલમાં રહેવા, સ્વાદિષ્ટ ભોજન સાથે આ પ્રવાસને ચાર ચાંદ લાગી ગયા.**

**શ્રાવસ્તી તીર્થમાં મૂળનાયક સંભવનાથ ભગવાનના** જિનાલયમાં સૌએ સાથે મળીને **શક્રસ્તવ પૂજનનો** ઘણો ઉત્કૃષ્ટ લાભ લીધો. ત્યારબાદ **અયોધ્યામાં અજીતનાથ ભગવાનના** ચાર કલ્યાણક અને બીજા ચાર દિશાના ચાર ભગવાનના ૧૫ કલ્યાણક સાથે કુલ ૧૯ કલ્યાણકોની ઉજવણી ભાવભીની ભક્તિ સાથે સૌએ કરી. **મૂળનાયક દાદા અજીતનાથ ભગવાન ઉપર શક્રસ્તવનું પૂજન કર્યું.** બધાજ યાત્રિકોને વિવિધ ઔષધિઓ દ્વારા બનાવેલ જળ દ્વારા પક્ષાલ પૂજાનો અપૂર્વ લાભ મળ્યો. આજુબાજુની ચાર દિશામાં શ્રી અભિનંદન સ્વામી, શ્રી સુમતીનાથ ભગવાન, **શ્રી અનંતનાથ ભગવાન તેમજ શ્રી ઋષભદેવ ભગવાનની પૂજા-ભક્તિનો લાભ** મળ્યો. દરેક યાત્રિકોના મુખ ઉપર ભક્તિનો ઉલ્લાસ દેખાતો હતો.

**કૌસાંબી નગરીમાં આવેલા ભગવાન મહાવીર સ્વામીને ખુણામાં પડેલા સુપડામાં અડદના બાકુળા વોહરાવતી સતી ચંદનબાળાની સ્મૃતિ થયા વગર રહે નહીં.**

**વારાણસી-ભેલુપૂર તીર્થમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૪ કલ્યાણકો થયા છે** તે પાવનભૂમિમાં મૂળનાયકદાદા **શ્રી શામળા પાર્શ્વનાથની** અદ્‌ભૂત મુખમુદ્રા જોતાં જ આપણી આંખો ઠરી જાય ને અપાર શાંતિનો અનુભવ થાય. અહીં પણ વિવિધ ઔષધિઓથી તૈયાર કરેલા **જળ અને પુષ્પો દ્વારા ૬૬૦ યાત્રિકોએ શક્રસ્તવ પૂજનનો લાભ લઈને આત્માની પ્રસન્નતા પ્રાપ્ત કરી.** સર્વે યાત્રિકોને **શ્રધ્ધા, સમર્પણ અને નિ:સ્વાર્થ ભાવે પ્રભુને ભેટતાં જોયા** ત્યાંરે મને એવો ભાવ જાગ્યો કે: **''અત્યાર સુધી આપણાં હાથનો**

Cont. page 2

ઉપયોગ ભગવાનને બે હાથ જોડી પગે લાગવામાં જ કર્યો છે, હવે આ જ હાથનો ઉપયોગ ભગવાન માટે, ભગવાને બતાવેલા કાર્યો કરવા માટે જ કરવો છે. સવારે ૫ થી બપોરે ૨ સુધી બધાં જ યાત્રિકો પરમાત્મામય બની ગયા.

પરમાત્માની ભાવભરી ભકિત કર્યા બાદ બધાં જ યાત્રિકો સ્વેચ્છાએ પોતાની રીતે જગવિખ્યાત રામમંદિરની મુલાકાતે ગયા, રામલલ્લાનાં દર્શન કર્યા. વિશાળ સંકુલમાં અતિ સુંદર કલાત્મક કારીગરીથી તૈયાર થયેલું રામમંદિર નિહાળવાનો સહુને લાભ મળ્યો. લાખોની સંખ્યામાં શ્રધ્ધાથી આવતા ભકતોની ભીડ જોઈને લોકોની રામ પ્રત્યેની શ્રધ્ધા દેખાઈ આવતી હતી. આપણાં દરેક યાત્રિકોએ શ્રી પાટણ જૈન મંડળનો ખુબ ખુબ આભાર માન્યો અને હૃદયનાં ભાવથી પ્રતિભાવ આપતાં લાગણી વ્યકત કરતાં કહયું કે; ''તમે આવી અદ્‌ભૂત યાત્રા કરાવી છે તે અમે કયારેય ભૂલીશું નહીં.''



આવા સુંદર ભાવો હૃદયમાંથી જાગ્યા હોય તો, આ ભવ ચોકકસ તરી જવાય. મારા આનંદની કોઈ સીમા નહોતી, ત્રણેય તીર્થોમાં પ્રથમ અભિષેકનો લાભ બોલીનો મારા પુણ્યોદયે મને મળ્યો, સાથે સાથે શક્રસ્તવ પૂજનનો લાભ પણ મને મળ્યો બસ! મનમાં એક જ ભાવ ગૂંજતો હતો કે;

''થાશે પ્રભુનું મિલન વાતવાતમાં,
પરમાત્મા બની જાશે મારો આત્મા...''

બીજા દિવસે આપણે બધાંએ સિંહપુરીમાં શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ૪ કલ્યાણક અને ચંદ્રપુરીમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીની જન્મકલ્યાણકભૂમી પર હૃદયપૂર્વક પરમાત્માની ઉત્તમ દ્રવ્યોથી ભકિત કરતાં કરતાં પ્રભુમય બની જતાં એવા ભાવ જન્મયા કે, ''મોક્ષમાર્ગના અમે પથિકો છીએ. બસ! દાદા તમારા શરણમા અમારું સ્થાન રહેશે. તન-મન-ધનથી જે જે દાતાશ્રીઓએ યાત્રિકોને લાભ આપીને કર્યું, કરાવ્યું, અને અનુમોદના કરવી એવા ઉચ્ચ ગુણથી જ તેઓ પણ મોક્ષમાર્ગી બની ગયા.''

''પરમાત્મા પ્રત્યેનો અદભૂત પ્રેમ, શ્રદ્ધા અને અદભૂત સાધના કરી ને આ યાત્રા સોનેરી પૃષ્ઠ પર લખાઈ ગઈ.''

તા. ૨૬ ફેબ્રુઆરીની સંધ્યાએ Hilton Hotel નાં વિશાળ હોલમાં સંધ્યા ભકિત કર્યા બાદ આ પ્રવાસનાં મોતીશા ભામાશા જેવા આપણાં સમાજનાં દાનવીર, શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ) યાત્રા પ્રવાસના મુખ્ય દાતા, અને પુણ્યશાળી પરિવારજનોનો બહુમાન કરવાનો, અનુમોદના કરવાનો અવસર શાનદાર રીતે ઉજવ્યો. નવકારમંત્રના માંગલીકથી કાર્યક્રમનાં પ્રારંભ કર્યા બાદ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃતિઓનું સ્લાઇડ શો દ્વારા Presantation બતાવ્યું. લગભગ રૂ.૩ કરોડની રકમનું દાન સંસ્થાને મળ્યુ. આ પણ કેવી પરમાત્માની કૃપા છે. આપણા સાધર્મિકો માટે સહુના દિલમાં એવી ભાવના તો છે જ કે આપણાં પટણી પરિવારોને શકય હોય તેટલી સહાય કરીએ. મને જણાવતાં અનહદ આનંદની લાગણી થાય છે કે ખરેખર આજના યુગમાં પાટણમાં પણ આવા દિલાવર દાતાઓ છે, જે અમેરિકામાં રહેતા હોવા છતાં પણ અહીં દાનની ગંગા વહાવતા જ રહે છે, તે છે આપણા શ્રેષ્ઠિવર્ય શ્રી નિતિનભાઈ જયંતિલાલ શાહ(ખેતરવસીનો પાડો - PJM USA PRESIDENT) છે. રૂ. ૬૪ લાખની રકમનું દાન એજયુકેશન માટે આપીને એમનું જીવન ધન્ય બનાવ્યું છે. હું આપનાં સહુ તરફથી તેમને અભિનંદન આપી, નત મસ્તકે વંદન કરું છું, આપણે સહુ એમની અનુમોદના કરીએ. આપણી જીવન નિર્વાહ સ્કીમ શરૂ કરનાર શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ દ્વારા રૂ.૩૫ લાખ અને શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ દ્વારા રૂ.૨૫ લાખની રકમ તથા અન્ય દાતાશ્રીઓ તરફથી રૂ.૧૫ લાખનું દાન મળતા સાધર્મિક પટણીઓનાં જીવનમાં પ્રગતિ થાય, તેઓ પણ સારી રીતે પોતાના પરિવારનું જીવન વહન કરી શકે તેવી શુભેચ્છા સાથે આ દાતોઓનો ફરી ફરી આભાર.

આ યાત્રા પ્રવાસનાં મુખ્ય ત્રણ કન્વીનરો જેમનાં અથાક પ્રયાસ અને મહેનતથી, પૂરી લગનથી છેલ્લાં છ મહિનાથી જે કામ કરી બતાવ્યું છે તે પ્રસંશાપાત્ર છે. શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ તથા શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તેઓનું મોમેન્ટો આપીને બહુમાન કર્યું. માત્ર રૂપિયા વાપરવાથી આવા ભવ્ય આયોજનો નથી થતા તેની સાથે ખૂબ જ મહેનત, યોગ્ય આયોજન, સંપ, સંગઠન જેવા ગુણો સાથે ટીમવર્કનું મહત્વ સૌથી વધારે છે. આપણી ટીમે આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડયું તે બદલ હું મારી ટીમને ખુબ ખુબ અભિનંદન આપુ છું. બાકીનાં બધાં જ કાર્યકરોનું બહુમાન કરીને પ્રમુખ તરીકે મારી ફરજ બજાવતા સર્વે દાતાઓ, કાર્યકરો, તેમ જ આપ સર્વે આનંદ-ઉત્સાહથી આ યાત્રા પ્રવાસમાં મોટી સંખ્યામાં જોડાયા તે બદલ હૃદયપૂર્વક સહુનો આભાર માનું છું. આપ સહુના સાથ સહકારથી જ તો યાત્રા પ્રવાસ સફળ થયો. દરેક યાત્રિકોને સંઘપૂજનમાં રૂ.૩૦૦૦/- નું કવર સાથે ૧ ગ્રામ કેસરની ડબ્બી પ્રભાવનામાં આપી. આ સંઘપૂજનમાં યથાશકિત લગભગ બધાં જ યાત્રિકોએ લાભ લીધો છે, તેમની અનુમોદના.

તા.૨૭નાં રોજ બધાંની ફલાઈટ જુદા જુદા સમયે હતી. યાત્રિકો સુખરૂપ પોતાનાં સ્વગૃહે આ યાત્રાની સુખદ સ્મૃતિઓ લઈને પહોંચી ગયા.ખરખર આ યાત્રા કઠિન હોવા છતાં પરમાત્માની અસીમ કૃપા અને દરેક યાત્રિકોનાં સાથ સહકારથી જ સુંદર, સફળ અને સ્મરણીય બની રહી.તે સાથે જે ભકિત કરવા મળી તેનો અનહદ આનંદ થયો.

વિશેષ આભાર શ્રી પાટણ જૈન મંડળની ઓફિસનાં સ્ટાફનો માનું છું. તા.૨૧ અને તા.૨૨ બંને દિવસ વહેલી સવારની ફ્લાઈટમાં જે યાત્રિકો આવવાનાં હતા, તેઓ માટે બંને ટર્મિનલ પર સમયસર પહોંચીને ફુડપેકેટનું વિતરણ કર્યું હતું.

મારાં પ્રિય મિત્રો, સ્વજનો ! મને વિશેષમાં જણાવતાં આનંદ અને ગર્વની લાગણી થાય છે. આપ સહુને પણ થશે તેવી મને ચોકકસ ખાત્રી છે. **શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહ (USA President) અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ,** ખેતરવસીનો પાડો. આ વખતે મુંબઈ આવ્યા ત્યારે ભાયંદર ખાતે લગભગ ૨૦ ઘરની પર્સનલ મુલાકાતે ગયા હતા. ત્યાં રહેતા આ પરિવારોની વાતો સાંભળીને તેમની પરિસ્થિતિ જાણીને તેઓની જરૂરિયાત મુજબ ઘરખર્ચમાં સહાય કરવા યોગ્ય રકમ મળશે તેવી હિમંત અને હૈયાધારણ આપી માનવતાનું ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડયું છે અને અમને પણ હિમંત આપી **''સાથી હાથ બઢાના''** જેવું માનવસેવા, સાધર્મિક ભક્તિ, એજયુકેશન જેવાં ક્ષેત્રોમાં જોઈએ તે મુજબ રકમ મોકલી આપવાની વ્યવસ્થા અમેરિકાથી કરશે. આ છે તેમની દરિયાદિલી. ખુબ ખુબ અભિનંદન.. અનુમોદના અને આપનો આભાર. સમગ્ર પાટણ જૈન મંડળનાં પરિવારો તરફથી હું નત્‌મસ્તકે તમને વંદન કરીને અભિવાદન કરું છું.

લોનાવલા પ્રોજેકટ બહુ જ સારી રીતે આગળ વધી રહયો છે. સમયસર કામ સંપન્ન થાય અને શ્રી શંખેશ્વરદાદાની પ્રતિષ્ઠા ધામધૂમથી ઉજવી શકીએ તેવી પરમાત્માને પ્રાર્થના. લોનાવલા જિનાલયની યોજનામાં બે અડધા લાભ આપવાના બાકી હતા, તેમાં એક લાભ

**શ્રી માણિભદ્રવીરનો-સહ લાભાર્થી બનવાનો લાભ ''શ્રીમતી કલ્પનાબેન દિલીપભાઇ શાહ-અમેરિકા''-રૂ.૩૧.૫૦ લાખ.**

**રૂ.૧૫ લાખ એક રૂમના સયુંક્ત દાતા ''શ્રીમતી શીલાબેન દિપકભાઈ પટણી - અંધેરી (વે) ''**

બંને દાતાઓનો આભાર, **હવે પાર્શ્વયક્ષનો અડધો લાભ રૂ. ૩૧.૫૦ લાખ બાકી છે.** જે પુણ્યશાળી, ભાગ્યશાળી હશે તેમનાં નસીબમાં આ છેલ્લો લાભ મળશે.

**રૂા. ૧૧.૭૦ લાખનું દાન લોનાવાલા જિનાલય માટે દેવ દ્રવ્યનો લાભ લેનાર ''શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર''**

**રૂા. ૧૧.૭૦ લાખનું દાન લોનાવાલા જિનાલય માટે દેવ દ્રવ્યનો લાભ લેનાર ''શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ''**

**રૂા. ૧૧.૭૦ લાખનું દાન લોનાવાલા જિનાલય માટે દેવ દ્રવ્યનો લાભ લેનાર**
**''શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા-ઈસ્ટ)''**

**રૂા. ૫ લાખનું દાન લોનાવાલા જિનાલય માટે દેવ દ્રવ્યનો લાભ લેનાર**
**''શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા-વેસ્ટ)''**

ઘણાં યાત્રિકોએ મેડિકલ અને અનાજ વિતરણમાં લાભ લીધો છે એ સહુનાં નામ સ્કીમમાં લખેલાં છે.

**PPL Final Match, તા.૧ માર્ચ-રવિવારનાં** રોજ સાંજે પાંચ કલાકે **ઘાટકોપર-સોમૈયા ગ્રઉન્ડ ખાતે રમાઈ હતી. SK Strikers & CC Mavericks** બંને ટીમો ખુબ જ સુંદર રીતે સરસ વાતાવરણમાં રમી હતી. **SK Strikers** એ ફર્સ્ટટાઇમ ટ્રોફી મેળવી અને **CC Mavericks** ફર્સ્ટટાઈમ રનરઅપ બની. બંને ટીમોને મારાં અભિનંદન.મારી ટીમને ખુબ ખુબ અભિનંદન. **આ ટુર્નામેન્ટે સતત ૪ મહિનાથી આયોજન કરીને ખુબ જ સારી સફળતા અપાવી.**

## શ્રીમતી મીનાબેન નિતીનભાઈ જયંતિલાલ શાહ (યુ.એસ.એ.) રૂા. ૬૪,૦૦,૦૦૦/- શિક્ષણ સહાય યોજના

| નામ | જીવન નિર્વાહ સહાય | પૂરક મેડિકલ સહા | અનાજ વિતરણ |
|---|---|---|---|
| શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ | ૩૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ | ૨૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ મફતલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ હરિલાલ ઝવેરી | ૧૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ | ૧૧,૦૦,૦૦૦ | – | – |

# સંસ્થાને પ્રાપ્ત થયેલ પ્રશસ્તી પત્ર

## શ્રીપાટણ જૈન મંડળ

### પંચતીર્થ યાત્રા પ્રવારા

**તારીખ : 21-2-2026 થી 27-2-2026**

શ્રીપાટણ જૈન મંડળ આયોજિત શ્રાવસ્તી,રત્નપુરી, અયોધ્યા, કૌશાંબી,વારાણસી પંચતીર્થી યાત્રા પ્રવાસ તારીખ 21. 2.26 થી 27. 2. 26 માં ખૂબ જ મજા આવી,આનંદ થયો અને જિંદગી ભરનું એક સંભારણું મળ્યું આ યાત્રા પ્રવાસ અવિસ્મરણીય હતો.

સુંદર આયોજન અને સારામાં સારી સગવડ સાથે ફૂલ ઉદારતા પૂર્વકનો અને કોઈપણ યાત્રિક ને કોઈ અગવડન પડે તેવા આયોજન સાથેનો બહુ જ સુંદર અને અવિસ્મરણીય હતો.

**આ યાત્રા પ્રવાસ થી**

- **શ્રી સંભવનાથ ભગવાન**
- **શ્રી ધર્મનાથ ભગવાન**
- **શ્રી અજીતનાથ ભગવાન**
- **શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન**
- **શ્રી પાર્શ્વનાથ ભગવાન**
- **શ્રી સુપાર્શ્વનાથ ભગવાન**
- **શ્રી શ્રેયાંશનાથ ભગવાન**
- **શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનને**

**ભેટવાનો મોકો મળ્યો.**

આવા સુંદર આયોજન માટે તેની પાછળ અથાગ પરિશ્રમ કરી રહેલા શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવી, શ્રી દેવેશભાઈ આર શાહ, સેક્રેટરીશ્રી રાજેન્દ્રભાઈ જે શાહ તેમજ બધાજ આયોજકો અને કાર્યકર્તાઓને આભારી છે.

આવા સુંદર આયોજન માટે તેઓનો હૃદય પૂર્વક આભાર.

કોઈપણ જૈન યાત્રા સંઘ સંઘપતિ વિના શક્ય નથી. આપણા આ પંચતીર્થી સંઘનામુખ્ય સંઘપતિ શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી, સહસંઘ પતિ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ, શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, શ્રી પંકજભાઈ નેમચંદ શાહ, શ્રી દિપકકુમાર મફતલાલ શાહ, શ્રી મહેશભાઈ રમણીકલાલ શાહ, શ્રી નીતિનભાઈ જયંતીલાલ શાહ, શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ, રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી ના ઉદારતાથી શક્યબન્યું છે.

તે સૌ સંઘપતિનો ખુબ ખુબ ભૂરી ભૂરી અનુમોદના...

આ યાત્રા પ્રવાસમાં 700થી વધુ પ્રવાસીઓનેવિમાન દ્વારા આવવા તથા જવાની સગવડ કરવાની, તેમના રહેવાની સારામાં સારી હોટલોમાં સગવડ કરવાની, બધાની જમવાની દરરોજ નવી નવી વેરાઈટી ભોજનની સગવડ કરવાની તથા દરેક જગ્યાએ એર કન્ડિશન બસોદ્વારા યાત્રા કરવાની સુંદર આયોજન માટે શ્રી દાનેશભાઈ તથા યાત્રા પ્રવાસની આખી ટીમની ભૂરી ભરી અનુમોદના...

શ્રી દાનેશભાઈ તથા શ્રી હેમંતભાઈ તથા તેમની યાત્રા પ્રવાસની આખી ટીમને આધુનિક શ્રવણની ઉપમા આપીશું તો તેમાં મને જરા પણ અતિશયોક્તિ નથી લાગતી કારણકે જુના જમાનામાં શ્રવણે તેના મા બાપને કવડમાં બેસાડીને યાત્રા કરાવી હતી જ્યારે આપણા આધુનિક શ્રવણ પટ્ટણી યાત્રાળુઓને વિમાન દ્વારા પંચતીર્થની યાત્રા સરસ રીતે કરાવી છે.

**સૌનીખૂબ ખૂબ ભૂરી ભૂરી અનુમોદના...**

**પ્રજ્ઞા નિતીન રસિકલાલ શેઠ**
**કનાસાનો પાડો**
**મુંબઈ**

# ઉપકાર - ઋણ સ્વીકાર




## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**



પ્રિય મિત્રો !
પ્રણામ

**અમાસની અંધકારભરી રાત્રી હોય, નવવધૂની ઓઢણીમાં ચમકતા આભલાની જેમ આકાશમાં અગણિત તારાઓ ચમકતા હોય અને એ તમામ તારા ભલે આપણને આકર્ષિત કરતા હોય, પરંતુ તેમાં શુક્ર એવો સૌથી ચમકદાર તારો છે જેના પર આંખ અંતર સૌથી વધારે ઠરી જાય. આ શુક્રના તારાની જેમ એક અલગ-વિશિષ્ટ ગુણ જે માનવીમાં હોય તે માનવીનું જીવન પણ ઉત્તમ પ્રકારે ચમકી ઉઠે છે તે છે શ્રેષ્ઠ પ્રકારનો ગુણ ''ઉપકાર''**

**ઉપકારીજનોના નાનામાં નાના ઉપકારને પણ અંતરના આરસ પર શિલાલેખની જેમ લખી રાખે અને અવસર આવે એનો પ્રત્યુપકાર એવો જબરજસ્ત કરે છે કે જેની કોઈ કલ્પના સુદ્ધા સામી વ્યક્તિને ન હોય. ન એમાં કોઈ ''વાટકી વ્યવહાર'' જેવી ગણતરી હોય કે ન સામી વ્યક્તિને પોતાના પ્રત્યુપકારનો અહેસાસ કરાવવાની વૃત્તિ હોય.** આ સંદર્ભમાં એક હૃદય સ્પર્શી સત્ય ઘટના 'પ્રતિબિંબ'ના વાચક મિત્રોને અર્પણ....

અમેરિકાના મેરીલેન્ડ પ્રદેશમાં બનેલો આ પ્રસંગ છે.

રવિવારની રજાના દિવસે એક યુવાન ઘરે ઘરે ફરીને પુસ્તક વેચવાનો પ્રયાસ કરતો હતો. પણ એની મુરાદ સફળ થતી ન હતી. સમી સાંજ સુધી ભટકી ભટકી એ થાકીને લોથપોથ થઈ ગયો હતો. પરંતુ એને રકમની તાતી જરૂર હોવાથી આશામા ને આશામા ભટકતો હતો. એક છેલ્લા ઘરે છેલ્લા પ્રયાસરૂપે એણે દ્વાર ખટખટાવ્યું. અંદરથી એક યુવાન કન્યા બહાર આવી પેલા યુવાને અરજભર્યા શબ્દોમાં કહ્યું; ''હું મેડિકલ શાખાનો વિદ્યાર્થી છું, ફી માટે મારે થોડી રકમની તાતી જરૂર છે, જો તમે મારા પર કૃપા કરીને પુસ્તકો ખરીદી લેશો તો હું તમારો આભારી થઈશ''.

પેલી કન્યાએ કહ્યું; '' ભાઈ ! અમે ગરીબ છીએ પુસ્તકો તો હું નહીં ખરીદી શકું. પણ મને લાગે છે કે તમે ખૂબ થાક્યા છો ને ભૂખ્યા-તરસ્યા છો હું હમણા જ એક ગ્લાસ દૂધ-બ્રેડ અને પાણી લઈને આવું છું. તમે એ ખાઈને જજો. પેલો થાકેલો ને નિરાશ થયેલા વિદ્યાર્થીને જાણે હૈયે ટાઢક વળી હોય તેમ લાગ્યું. રાજી થઈ ગયો દૂધ-બ્રેડ ખાઈને તૃપ્ત થયો અને ત્યાંથી વિદાય થયો.

આ વાતને વર્ષો વીતી ગયા એ અરસામાં અમેરિકામાં **ડૉ. હાવર્ડ કેલીનું નામ** ચો તરફ ગુંજતું હતું. ભલભલા અસાધ્ય રોગોના દર્દીઓ એમની હોસ્પિટલમાં સારવાર લઈને સંપૂર્ણ નિરોગી બની જતા. જો કે એમની સારવાર ફી ખૂબ ઉંચી હતી. પરંતુ પરિણામ મળતું હોવાથી દર્દીઓ એમને ત્યાં હોંશે હોંશે આવતા. એકવાર એ હોસ્પિટલમાં એક એવી મહિલા દર્દી તરીકે આવી કે જોતા જ લાગે કે જે એક-બે દિવસમાં જ મોતને ભેટશે પણ **ડૉ. કેલીની** હોસ્પીટલમાં ધીમે ધીમે એવી ઉત્તમ સારવાર મળી કે જાણે મડદામાં નવો પ્રાણ પૂરાયો હોય એ મહિલા દર્દીની સ્થિતિ ક્રમશઃ સુધરતી ગઈ. એક મહિનાના અંતે તો એ બિલકુલ નીરોગી થઈ ગઈ. હોસ્પિટલમાંથી રજા મળતા એ સ્ત્રીને ચિંતા થવા લાગી કે બિલની બહુ મોટી રકમ હું ચુકવીશ કઈ રીતે ? એ સ્ત્રી ગરીબ હતી તેને આશ્ચર્ય થયું કે આવી ઉત્તમ, મોટી હોસ્પિટલમાં એક મહિના સુધી ફી માં મારી સારવાર થઈ કેવી રીતે ? એવામાં એની પાસે વિદાયના બે કલાક પહેલા મસમોટુ બિલ આવ્યું. બિલની રકમ વાચીને એ સ્તબ્ધ થઈ ગઈ. પરંતુ બિલની રકમ નીચે બે લાઈન તેના વાંચવામાં આવી અને એ સ્ત્રી પોતાની જાત પર કાબુ ન રાખી શકી.

ત્યાં લખ્યું હતું કે; ''હું જ્યારે ભુખ્યો-તરસ્યો તમારા દ્વારે આવ્યો હતો, ત્યારે અણીના સમયે દૂધ-બ્રેડ આપીને તમે જે ઉપકાર કર્યો હતો એમાં આ તમામ લાખો ડોલરનું બિલ વસૂલ થઈ જાય છે. માટે તમારે કોઈ રકમની ભરપાઈ કરવાની નથી.'' **લિ. હાવર્ડ કેલી.** પેલી સ્ત્રી તો ભાવવિભોર બની આંસુ સારી રહી.. ડૉ. ને મનોમન આશીર્વાદ આપીને, શુભેચ્છા પાઠવતી રહી.

**ઉપકારો બે પ્રકારના હોય છે, સુખી બનાવે તેવા અને ગુણવાન બનાવે તેવા જેમ કે, જે વ્યક્તિ ભોજનથી લઈને, શિક્ષણ અને આરોગ્ય માટે રૂપિયાની સહાય કરીને ઉપરોક્ત કરે છે તેના ઉપકારો સુખી બનાવે તેવા ગણાય છે અને જેઓ આપણને સંસ્કારી - વિનયી ધર્મી બનાવે તેના ઉપકારો ગુણવાન બનાવે તેવા ગણાય.**

આપણા ગુરુભગવંતો, કલ્યાણ મિત્રો, માતા-પિતા આવા ઉપકારીની કક્ષામા આવે પોતાના હલન-ચલનથી માતાને પીડા ન થાય તે માટે ગર્ભસ્થ મહાવીર સ્થિર થયા તો માતાને શંકા ગઈ કે; ''શું મારો ગર્ભ મૃત્યુ પામ્યો હશે ?'' અવધિજ્ઞાની પ્રભુએ આ સ્થિતિ નિહાળીને થોડા હલન-ચલન દ્વારા માતાને આનંદિત કર્યા ત્યારે ગર્ભસ્થ મહાવીરે વિચાર્યું કે, 'મને હજુ પ્રત્યક્ષ નિહાળ્યો નથી, છતાં પણ માતા મારા પર આવો અપાર સ્નેહ ધરાવે છે તો આ ઉપકારી માતા-પિતા જીવંત છે ત્યાં સુધી એમને દુઃખ ન પહોંચે તેનું ધ્યાન રાખીશ.'

અહીં આ ઘટનાનો સાર આપણે લેવાનો છે કે સ્વયં પ્રભુ પણ ઉપકારી માતા-પિતા માટે આ હદે કૃતજ્ઞ બની શકે છે તો આપણે પણ માતા-પિતા કે અન્ય સ્વજનો, મિત્રોએ કોઈપણ પ્રકારે આપણા પર ઉપકાર કર્યો હોય તેને ક્યારેય પણ ભૂલી તો ન જ શકાય, કૃતજ્ઞતાનો ગુણ તો હોવો જ જોઈએ.

**એક મજાનું સુવાક્યઃ ''સીડીની ટોચ પર પહોંચેલ વ્યક્તિએ સીડીના પ્રથમ પગથિયાનો ઉપકાર માનવો જોઈએ ઋણ સ્વીકાર કરવો જોઈએ.**

**- અસ્તુ -**

# થોડીક વાતો, થોડીક યાદો...

**સં. ૨૦૮૨ ફાગણ સુદ ચોથ થી ફાગણ સુદ અગિયારસ**

**વિશ્વને સહસ્ત્ર કિરણોથી અજવાળતો સૂર્ય છે તો તે વાત નક્કી છે; છતાં તેનો ઉજાસ કેમ જણાતો નથી ? એવું તે કેવું ગાઢ આવરણ તેની આડે વર્તે છે ? આ પ્રશ્ન છે, આનો જવાબ છે આપણું મન. મોહ-માયાના બંધનોમાં જકડાયેલું મન આપણને પરમાત્મા સુધી પહોંચતા એક મોહ-દશાની દિવાલ ઉભી કરે છે. આ દિવાલને ભેદવા માટે જ તીર્થયાત્રાએ જવાનો આદેશ મળે છે ઘરબહાર, મોહમાયા છોડીને દૂર-દૂર તીર્થયાત્રાએ જઈને પરમાત્મા સાથે સ્વઆત્માનું ઐક્ય સંધાય તે જ ઉત્તમ તીર્થધામ....**

**પ્રમુખશ્રી દાનેશભાઈ શાહની દ્રષ્ટિને દાદ આપવી પડે.**

**સ્મૃતિના અશ્વને પાછા વાળીને વીતેલા સમય પર દ્રષ્ટિપાત કરીએ ત્યારે એના કેટલાંક મધુર સંભારણાથી મન પુલકિત થઈ ઉઠે છે.**

સેવા, સંગઠન, સહકાર એ ભાવના છે તો દર્શન, જ્ઞાન, ચારિત્રના રત્નો સમગ્ર પાટણ જૈન સમાજ માટે અમૂલ્ય છે. એવી ગુજરાતની ધન્યધરા નગરી પાટણના મુંબઈ શહેરમાં વસતા પાટણીઓ પટણ સમાજના વિકાસમાં અમૂલ્ય ફાળો આપી રહ્યા છે, તે પ્રસંશનીય અને સરાહનીય છે. આવો, સહુ પાટણના વતનીઓ આજે આપણે સાથે મળીને **શ્રાવસ્તી-રત્નપુરી-અયોધ્યા-કોસાંબી-વારાણસીની પંચતીર્થી યાત્રાની ઝલક માણતા માણતા** આ સંઘના સર્વે દાતા પરિવારો, સંસ્થાના ઉત્સાહી અને સાહસિક નવયુવાન પ્રમુખ **શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)** જેઓના હૃદયમાં સમાજના વતનીઓ માટે પ્રેમ ભર્યો છે. તેમની સાથે બધા જ કાર્યકરોની ટીમ, જેઓએ છેલ્લા પાંચ - છ મહિનાથી રાત-દિવસ જોયા વગર તનતોડ મહેનત કરીને **૬૬૦ યાત્રિકોની** આ મહાયાત્રા સાંગોપાંગ પાર ઉતારી છે. તેઓને સ્નેહ, સદભાવના અને મૈત્રીના અક્ષતથી વધાવીએ.

**૪૭ કલ્યાણકોની** પાવનભૂમીની યાત્રા માટે શ્રી પાટણ જૈન સમાજના એક પછી એક કરતા કુલ **૧૩ દાનવીર** મહાનુભાવોએ સ્વૈચ્છિકપણે દાન આપીને ઉદારમનથી પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાના હેતુથી પ્રવાસમાં જોડાતા ગયા તેની સાથે સાથે પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ** ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ શાહ** તથા સેક્રેટરી એડમીન **શ્રી દેવેશભાઈ શાહ** તથા **શ્રી ભાવિકભાઈ શાહ** સાથે સંપૂર્ણ ટીમનો ઉત્સાહ વધતો ગયો. હૈયામાં હામ જાગી અને આ પ્રવાસનું આયોજન ખુબજ સુદ્રઢ રીતે થાય તેવા પ્રયાસો શરૂ થઈ ગયા.

કાર્યક્રમની રૂપરેખા અને થનાર ખર્ચ માટે ક્વોટેશન મંગાવવામાં આવ્યું, આ બાબત ફાઈનલ કરવા અવારનવાર મિટીંગો કરવામાં આવી હતી અને છેવટે ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં સાત દિવસ અને ૪૭ કલ્યાણક તીર્થની ભૂમીના દર્શન માટે જવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સાથોસાથ વ્યક્તિ દીઠ **રૂા. ૧૦,૦૦૦/-, રૂા. ૨૨,૦૦૦/- અને રૂા. ૪૫,૦૦૦/-** ની ત્રણ કેટેગરીમાં યથાશક્તિ યાત્રિક યોગદાન લેવાનું ઉપરાંત **એક પરિવારમાંથી વધુમાં વધુ બે સભ્યોને જ લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું.**

પર્યુષણ પર્વ પહેલાંના પ્રતિબિંબમાં યાત્રા પ્રવાસની જાહેરાત કરવામાં આવી અને અપેક્ષા મુજબ જ સમાજના પરિવારોમાંથી ૧૦૦૦થી અધિક યાત્રિકોએ યાત્રામાં જોડાવવા અરજી કરી. જે અંગે મંડળના હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીઓની હાજરીમાં લકી ડ્રો દ્વારા ૪૫૦ નામ લેવામાં આવ્યા. સાથોસાથ દાતાઓ પાસેથી પણ નામો મંગાવવામાં આવ્યા અને પ્રારંભ થયો એક ભગીરથ યાત્રા પ્રવાસનો. સહુથી વધુ પરમતારક પરમાત્માનો આભાર જેમણે દરેક ક્ષણે સતત અમી વર્ષા વરસાવી જેના વિના તો આયોજનની સફળતા સંભવી જ ના શકત !

બે વર્ષ અગાઉની સમેત શિખરજી યાત્રાની ભવ્ય સફળતાને પરિણામ સ્વરૂપ હવે જે યાત્રિકોના ડ્રોમાં નામ આવ્યા હતા તેઓને વોટ્સએપ દ્વારા મેસેજ મોકલવામા આવ્યા. જેઓના નામ લકી ડ્રોમાં આવ્યા ન હોય તેઓને પોતાની ભરેલી રકમ પરત મેળવી લેવા મેસેજ કરવામાં આવ્યો. જેથી પુનઃ ઓફિસમાં સતત ફોન રણકવા લાગ્યા પોતાને યાત્રા કરવી છે તેવી વિનંતીઓ કરવામાં આવી. તેમજ દાતાઓ મારફત પણ વધુ યાત્રિકો લઈ જવા રજુઆત કરવામાં આવતાં, યાત્રાના અંદાજીત કાર્યક્રમને આખરીસ્વરૂપ આપવા તેમજ વધુ યાત્રિકોનો કઈ રીતે સમાવેશ કરી શકાય વગેરે માટે ઓક્ટોબર મહિનાના પ્રથમ સપ્તાહમાં યાત્રા પ્રવાસ સમિતી દ્વારા પાયલોટ વિઝીટ કરવામાં આવી અને હોટલોની વિઝીટ કરવામાં કે ક્યાં વધારે સગવડ મળે છે, જેનું સફળ પરિણામ એટલે થોડાક વધુ યાત્રિકોનો સમાવેશની શક્યતા વધી.

**દિલ્હી- લખનઉ - પ્રયાગરાજ - વારાણસી - અયોધ્યા** વગેરે ખાતેથી જુદા જુદા સમયની આવવા જવા માટે ફ્લાઈટ ટિકિટ બુક કરવામાં આવી હતી. દાતાઓ માટે સ્વખર્ચે કાર અને યાત્રિકો માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથોસાથ દાતાઓના સભ્યો ઉપરાંત વધારાના સ્વજનો માટે રૂા. ૪૫,૦૦૦/-નું યાત્રિક યોગદાન લઈને સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રવાસની પ્રાથમિક તૈયારીઓ થઈ ગયા બાદ દિવસ રાતની સખત અને સતત જહેમત લઈને **શ્રી દાનેશભાઈ** દ્વારા દાતાઓ સાથે વાતચીત કરી માનદમંત્રી એડમીન **શ્રી દેવેશભાઈ** તથા સહમંત્રી **શ્રી ભાવિકભાઈ** દ્વારા દરેકને વિવિધ વિમાનની ટિકિટ ફાળવણી, હોટલમાં ઉતારો તેમજ વિમાનના સમય મુજબ બસની ફાળવણી, સંપૂર્ણ વિગતો સાથેના પરિપત્ર, યાત્રિક કાર્ડ, એર ટિકીટ વગેરે કવરમાં મૂકી નામ સાથે તૈયાર કરીને તેનું વિતરણ **ગરવારે ક્લબ** ખાતે ઉપસ્થિત ૪૦૦થી વધારે યાત્રિકોને આપવામાં આવ્યું હતું.

એડમીન માનદમંત્રી **શ્રી દેવેશભાઈના** નેતૃત્વ હેઠળ યાત્રા પ્રવાસના વિશાળ આયોજન માટે ત્રણ વખત સ્વયંસેવકોની સાથે મીટીંગો

યોજવામાં આવી હતી. જેમા યાત્રા પ્રવાસ દરમ્યમાન **યાત્રિક કાર્ડ સહીતની વિતરણ વ્યવસ્થા,** પ્રવાસ દરમ્યાન અથવા એરપોર્ટ ખાતે યાત્રિક માટેના ફુડ પેકેટનું વિતરણ, છત્રપતિ શિવાજી ટર્મીનલ એક અથવા બે ઉપર ત્રણ કલાક અગાઉ આગમન, સિક્યુરીટી ચેકીંગ અંગેનું માર્ગદર્શન, પ્રથમ વખત પ્રવાસ કરતા યાત્રિકોને બોર્ડીંગપાસ મેળવવા અને કયા ગેટ ખાતેથી વિમાન ઉપડશે તેની જાણકારી, બસ વ્યવસ્થા યાત્રિકોની યાદી, **બસ નંબર સ્ટીકર, પોર્ટર માટેના ટી શર્ટ, લગેજ કાર્ડ** ઈત્યાદી અંગેની સંપૂર્ણ માહિતી આ ઉપરાંત ઘણા તીર્થ સ્થળોએ બસોના આવા ગમનની શક્યતા ન હોય શક્યતઃ સ્વ ખર્ચે રીક્ષા કરી લેવા સમજણ આપવામાં આવી હતી.

આખરી તબક્કે ઈન્ડીગો તથા અકશાની ફલાઈટો કેન્સલ થતાં તેના યાત્રાળુઓને બીજી ફ્લાઈટમાં સીટોની ફાળવણી કરી મંડળના કાર્યાલયમાંથી નવી ફ્લાઈટોની વિગતો સાથેના નવા કવરોનું વિતરણ કરવામાં આવ્યું. અને આખરે એ મંગળકારી દિવસ આવીનો ઉભો રહ્યો.

**તા. ૨૦ ફેબ્રુઆરીના દિવસે પ્રમુખશ્રી દાનેશભાઈ, શ્રી રાજેન્દ્રભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી દેવેશભાઈ, શ્રી ભાવિકભાઈ** સહીત ટીમના કુલ ૧૮ સભ્યો પ્રવાસનું વધુ સુદ્રઢ આયોજન કરવા માટે એક દિવસ અગાઉ રવાના થયા હતા.

**તા. ૨૧ ફેબ્રુઆરીના દિવસે** મુબઈ તથા અમદાવાદ ખાતેથી **શ્રી પાર્શ્વ પ્રભુના જયઘોષ સાથે** એક પછી એક ફ્લાઈટો રવાના થઈ, સાંજે પાંચ વાગ્યા સુધી દરેક યાત્રિકોનું શ્રાવસ્તીમાં **'હોટલ તુલીપ', 'લોટસ રેસિડન્સી', 'લોટસ નીકો', 'શ્રાવસ્તી રેસિડન્સી'** ઈત્યાદી હોટલમાં આગમન થયું.

**તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ** પણ બીજા યાત્રિકો શ્રાવસ્તી ફ્લાઈટ દ્વારા આવ્યા. જ્યારે અત્રે ઉપસ્થિત લગભગ ૫૫૦થી વધુ યાત્રિકોએ સવારે નવકારશીને ન્યાય આપી પૂજાના કપડામાં શ્રાવસ્તી ખાતે બિરાજમાન **સંભવનાથ દાદાના જિનાલયમાં શક્રસ્ત્વ** આયોજન કરવામાં આવેલ તેમાં જોડાયા હતા. જેમા ઉપસ્થિત ભાવિકોએ પક્ષાલનો લાભ લીધો હતો. તેમજ પરમાત્માના દર્શન, વંદન-સ્પર્શના કરી ધન્ય બન્યા અને **પરમાત્માની પુષ્પ પૂજાનો** લાભ પણ લીધો હતો. વાંજીંત્રો અને સંગીતની ધૂન દ્વારા સૌ ભક્તો જિન ભક્તિમાં તલ્લીન બની ગયા હતા.

જિનાલયથી માત્ર એક કિલોમીટર દૂર સંભવનાથ દાદાના મૂળ જન્મકલ્યાણક ખાતે દર્શન કરી પુનઃ શ્રાવસ્તી હોટલ ખાતે પાછા ફર્યા હતા તેમજ બપોરના ભોજનને ન્યાય આપ્યો હતો. બપોરના **રત્નપુરી** ખાતે પ્રયાણ કર્યુ. જ્યાં **ધર્મનાથ દાદાના ચાર કલ્યાણકોના** દર્શન કર્યા અને ત્યાં સાંજના ચોવીહારનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવસ્તી ખાતે મોડેથી પહોંચેલ યાત્રાળુઓની બસોના પરિણામે લગભગ છેલ્લી બસના યાત્રાળુએ રાત્રે ૧૦ વાગે દર્શન કરી **અયોધ્યા આગમન** કર્યું. રત્નપુરીનું જિનાલય ધોરી માર્ગથી અંદર કાચા રસ્તે હોવાથી મંડળ દ્વારા યાત્રિકોને લાવવા લઈ જવા ૧૬ ઈ રીક્ષાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. અયોધ્યા ખાતે **'સાનેઅવધ, તિરુપતિ તથા પાર્ક હોટલો'**માં યાત્રિકોને ઉતારો આપવામાં આવ્યો હતો.

હોટલ પાર્ક ખાતે આગલા દિવસે રોકાયેલા ઘણા સરકારી અમલદારો દ્વારા બ્લોકોનો ખાલી કબજો સમયસર પ્રાપ્ત ન થતાં આપણા યાત્રિકોને ઘણી પરેશાની વેઠવી પડી હતી. તેનો સમાધાનકારી ઉકેલ લાવવા રાત્રે લગભગ ૧૧ વાગે પ્રમુખ **શ્રી દાનેશભાઈ** તથા સહમંત્રી **શ્રી ભાવિકભાઈ** દરેકને શાંતિપૂર્વક વાસ્તવિકતાની સમજ આપી ધીરજ રાખવા જણાવ્યું હતું. તેમજ હોટલના સંચાલકો સાથે વાર્તાલાપ કરી રાત્રે ૧ વાગ્યા સુધી બીજી હોટલોમાં પણ રૂમોનુ એલોટમેન્ટ કરવામાં આવ્યું હતું.

**તા. ૨૩ ફેબ્રુઆરીના** વહેલી સવારના નવકારશી વાપરીને પોત પોતાની રીતે કાર, બસ કે ઈ રીક્ષા મારફત **અજીતનાથ ભગવાન દેરાસર** ખાતે પહોંચ્યા. **અહીં ઋષભદેવ-૩, અજિતનાથ-૪, અભિનંદનસ્વામી-૪, સુમતીનાથ-૪ તથા અનંતનાથ દાદા-૪ના મળી કુલ ૧૯ કલ્યાણકો** છે. ત્યા વસ્ત્રો બદલવા ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ૧૦ બ્લોકોની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તેમજ **શક્રસ્તવ પૂજન** ભણાવવામાં આવ્યું હતું. જિનાલયમાં અન્ય પ્રતિમાજીઓની સેવા-પૂજા-ચૈત્યવંદન સૌએ કર્યું હતું. જિનાલયના પરિસરમાં જ બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ત્યારબાદ બપોરે દરેક યાત્રિકો પોતાની રીતે ઐતિહાસિક **નૂતન રામમંદિરની** મુલાકાતે ગયા હતા ત્યાં સૌએ **રામલલ્લાના દર્શન** કર્યા હતા. ત્યાંથી સાંજના પોતાની હોટલો ખાતે સૌ પાછા ફર્યા હતા અને ચોવિહાર કર્યા બાદ સંધ્યાભક્તિનું આયોજન થતા જેમાં **શ્રી જિનય મહેતાના મધુર કંઠે ભક્તિગીતોની** રસલહાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત આપણા સમાજના ગાયક કલાકાર તરીકે ઉભરતા યુવક **શ્રી અમુલભાઈ પનાલાલ શાહ** દ્વારા પણ ભક્તિગીતોની મધુર કંઠે રજૂઆત કરવામાં આવી હતી, સૌ એક તાનથી પ્રભુ ભક્તિમાં તલ્લીન થઈ ગયા હતા.

આ પ્રસંગે ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ શાહ** દ્વારા બીજા દિવસના ભરચક કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી અને રસ્તો લાંબો હોવાનું જણાવી દરેક યાત્રિકોએ સમયસર સહકાર આપી યાત્રામાં આગળ વધવાનું હતું.

**તા. ૨૪ ફેબ્રુઆરીના** અયોધ્યા ખાતે નવકારશીને ન્યાય આપી **કોસાંબી** તરફ પ્રયાણ કરવામાં આવ્યું હતું. જ્યાં **પદ્મપ્રભુ સ્વામીના ચાર કલ્યાણકો છે,** તેમની સેવા પુજા ભક્તિ ભાવનાથી આરાધના કરવામાં આવી હતી. બપોરના ભોજનની અત્રે વ્યવસ્થા રાખવામાં આવી હતી. તેમજ સાંજે ચોવિહાર માટે **ફુડ પેકેટ** આપવામાં આવ્યા હતા. જેને ન્યાય આપતા આપતા રાત્રે વારાણસી નગરી ખાતે ધીરે ધીરે બધા યાત્રિકોનું આગમન થયું જેઓને **''હિલટન, રામાદા, ક્લર્ક, વરુણાગ્રાન્ડ હોટલોમાં''** ઉતારો આપવામાં આવ્યો હતો.

**વરુણાગ્રાન્ડ હોટલ** ખાતે કેટલાક ઉતારુઓને ફાળવવામાં આવેલ બ્લોકો ઉપલબ્ધ નહોતા થયા જેને પરિણામે અચાનક આવી પડેલ સમસ્યાનો સમાધાન કરવા માનદમંત્રી **શ્રી દેવેશભાઈ** તથા **શ્રી ભાવિકભાઈ** રાત્રે ૧ વાગે હોટલ ખાતે હાજર થયા હતા અને યાત્રિકોને

સાંતવન આપ્યું હતું કે અમે જેટલું બને તેટલી વહેલી તકે તમને રૂમની વ્યવસ્થા કરી આપીએ છીએ આખરે એક હોટલમાં વ્યવસ્થા થઈ જતાં યાત્રિકોને ત્યાં ઉતારો આપવામાં આવ્યો હતો.

**તા. ૨૫ ફેબ્રુઆરીના** સવારે નવકારશીને ન્યાય આપી ભેલુપુર ખાતે અતિ પ્રાચીન પાર્શ્વનાથ પરમાત્માના **ભવ્ય જિનાલયમાં શક્રસ્તવ પૂજન** રાખવામાં આવ્યુ હતું. **અહીં પાર્શ્વનાથ પ્રભુના ચાર કલ્યાણકો થયા છે.** ત્યાંથી યાત્રિકોએ પુનઃ પોતાના હોટલના ઉતારે આવી બપોરના ભોજનનો આનંદ માણ્યો. બપોરે બે કલાકે વારાણસી નજદીક આવેલ **ભદેની તીર્થ** ખાતે સૌ દર્શન કરવા ગયા. અહીં **સુપાર્શ્વનાથ દાદાના ચાર કલ્યાણકો** થયા છે. જેમના દર્શન, વંદન કરવામાં આવ્યા તેમજ સંધ્યાકાળે **''નમો ઘાટ''થી નૌકા વિહાર કરતા ગંગા આરતીનો** આનંદ લઈ રાત્રે ૯ વાગ્યા સુધી સર્વે યાત્રિકોનું પુનઃ પોતાની હોટલના ઉતારે આગમન થયું.

**તા. ૨૬ ફેબ્રુઆરીના સ્વયંભૂ કાશીવિશ્વનાથ મંદિરના** દર્શન કરવા વહેલી સવારે સાડાત્રણ વાગ્યે પણ લગભગ દોઢસો યાત્રિકો હાજર રહ્યા હતા. ત્યાંથી હોટલે આવી નવકારશીને ન્યાય આપી **સિંહપુરી** તથા **ચંદ્રપુરી** ખાતેના **શ્રી શ્રેયાંસનાથ** તથા **શ્રી ચંદ્રપ્રભુના** ચાર-ચાર કલ્યાણકોની પાવન ભૂમિની દર્શન-વંદન-પૂજા કરી હતી. અહીં રસ્તાઓ એકદમ સાંકડા અને કાચા હોવાથી આપણા વાહનો દૂર પાર્ક કરવા પડ્યા હતા, યાત્રિકોએ પગપાળા ચાલીને આ યાત્રાનો લાભ લીધો હતો તેમ છતાં ઉત્સાહ તેમના મુખે છલકાઈ રહ્યો હતો. સાંજે ચૌવિહાર બાદ **હિલટન હોટલના હોલમાં** ભક્તિ ભાવનાનું તેમજ દાતાઓના અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે સંસ્થાના પાટણ પ્રતિબિંબના તંત્રી **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહે નમસ્કાર મહામંત્ર પઠન** કર્યુ હતું. ત્યારબાદ માનદમંત્રી **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહે** ઉપસ્થિત ભાઈ-બહેનોનું ઉષ્માભર્યુ સ્વાગત કરવા સાથે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

મંડળના માનદમંત્રી **શ્રી દેવેશભાઈ શાહ** દ્વારા પાટણ શાળામાં આયોજીત કાર્યક્રમ, અમદાવાદ અને સુરતમાં પટણીઓનું તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ગેટ-ટુ-ગેધર કાર્યક્રમની આછેરી ઝલક પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા, તેમજ સહમંત્રી **શ્રી ભાવિકભાઈ શાહ** દ્વારા સંસ્થાની વિવિધ સહાયક પ્રવૃત્તિઓની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવી હતી. આગામી વર્ષોની આયોજનોની આછેરી રૂપરેખા આપવામાં આવી હતી.

પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યુ હતું જેમાં પરમાત્માની અસીમ કૃપાથી **૧૧૪ વર્ષના** સંસ્થાના પુણ્યોદયના પરિણામે યાત્રિકોની યાત્રા સુખરૂપ થઈ, અને **૧૨ તીર્થંકર પરમાત્માના કુલ ૪૭ કલ્યાણકોને સામુહિક સ્પર્શના** થઈ તેનો વિશેષ આનંદ વ્યક્ત કર્યો હતો. કેટલીક ફ્લાઈટ તથા હોટલ એલોટમેન્ટમાં થયેલ વિલંબ બદલ હૃદયપૂર્વક માફી માગવામાં હતી સાથોસાથ તેમણે યાત્રા પ્રવાસના દરેક ડોનરોનો તથા કાર્યકરોનો આભાર માન્યો હતો.

વધુમાં તેઓએ **શ્રી હેમચંદ્ર જીવણલાલ શાહ** દ્વારા લોનાવલા ખાતે સમર્પિત કરવામાં આવેલ **રૂા. ૧.૨૫ કરોડના દાનની અનુમોદના** કરવામાં આવી હતી. તેઓની ઉચ્ચભાવનાને બિરદાવવા સૌને ઉભા થઈ સ્ટેન્ડીંગ એવોશન આપવા જણાવ્યું હતું. ત્યારબાદ મંડળના બીજા મુખ્યદાતા **શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ** દ્વારા તેમની ધર્મપત્ની **શ્રીમતી ગીતાબેન (સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી-કુંભારીયા પાડો)**ની સ્મૃતિમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ ખાતે અત્યાર સુધી **રૂા. ૧૫ કરોડથી** વધારે રકમનું દાન આપેલ છે તે બદલ તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યા હતા અને તેઓને દુપટ્ટો ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી** દ્વારા લોનાવાલા પ્રોજેક્ટ વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેમજ સૌરભ મેડિકલ સેન્ટર ખાતે ઈન્વેસ્ટીગેશન, ડાયગ્નોસીસ માટે વધુ સંખ્યા મળી રહે તે માટે દરેક વેપારીઓએ પોતાના સ્ટાફને રૂટીન ચેકઅપ માટે આ મેડિકલ સેન્ટરમાં મોકલવાની અપીલ કરી હતી.

મંડળના **ટ્રસ્ટી શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ** દ્વારા પણ આયોજનની સફળતામાં સહયોગી એવા દરેક ભાઈ બહેનોની પ્રસંશા કરવામાં આવી હતી. તેમજ સમાજના દિલાવર દાતાઓ દ્વારા મંડળની જીવન નિર્વાહ સહાય યોજના, મેડિકલ તથા અનાજ વિતરણ યોજનામાં આગામી વર્ષો માટે પ્રાપ્ત થનાર દાનની જાહેરાત કરવામાં આવી હતી. તેમને પ્રતિસાદ આપતા સમારંભમાં ઉપસ્થિત કેટલાક દાતાઓએ પણ દાનની જાહેરાત કરી હતી. **(દાનની વિગતો પાના નં ૧૭ પર મુકેલ છે)**

આ પ્રસંગે અમેરિકા ખાતેના શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી અને આ યાત્રા પ્રવાસના એક સંઘપતિ **શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહ** દ્વારા ભાયંદરથી વિરાર વચ્ચે એકદમ સામાન્ય પરિસ્થિતિમાં જીવન ગુજરાન કરતા સમાજના કેટલાક પરિવારો વિશેની અગાઉથી માહિતી મેળવી તેઓના ઘરે રૂબરૂ જઈ વાર્તાલાપ દ્વારા પરિસ્થિતિ વિશેની જાણકારી મેળવી હતી. તેમજ તેઓને શક્યતઃ આર્થિક સહાયતા પ્રદાન કરવા તૈયારી બતાવી હતી. તેઓએ પોતાના સ્વાનુભવોની રજૂઆત કરીને આ પરિવારો પ્રત્યે ભીની ભીની લાગણી દર્શાવી હતી. ત્યારબાદ યાત્રા પ્રવાસના નીચે મુજબના દરેક સંઘ પતિઓને સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા દાતાશ્રીઓના વરદ હસ્તે મોમેન્ટો, દુપટ્ટો તથા મોતીની માળા એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સમગ્ર યાત્રા પ્રવાસના સફળતાના મુખ્ય સારથીઓ **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ તથા શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ** દ્વારા પોતાના વ્યવસાયમાંથી બહુમૂલ્ય સમય ફાળવી આપેલ સંનિષ્ઠ યોગદાન બદલ તેમનેમોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ તેઓની સક્રિય અને સરાહનીય સેવાઓને બિરદાવતા સ્ટેન્ડીંગ ઓવેશન આપવામાં આવ્યું હતું.

**રૂા. ૫૧ લાખના મુખ્ય દાતા શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)**

**રૂા. ૧૫ લાખના દાતાઓ**

| | |
|---|---|
| શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા) | શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી |
| શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ | શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ |
| શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર ઝવેરી | શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ |
| શ્રીમતી બીનાબેન પંકજભાઈ શાહ | શ્રીમતી ચારુબેન રાજેન્દ્રભાઈ ઝવેરી |
| શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ | શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ |
| શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ (યુ.એસ.એ.) | શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ |

અયોધ્યા તેમજ વારાણસી ખાતે કેટલીક મુશ્કેલીઓના પરિણામે ઓછા બ્લોકની ફાળવણી કરવામાં આવતા બીજી હોટલ કે બીજા બ્લોકોમાં ઉતારો આપવા બાબત છેલ્લી ઘડીએ નિર્ણય લેવો પડ્યો ત્યારે સંપૂર્ણ સહકાર આપનાર સર્વે યાત્રિકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નવકારશી, બપોરનું ભોજન તથા ચોવિહાર ઈત્યાદિ ભોજનની વાનગી તથા ફુડ પેકેટ અંગે **શ્રી પરાગભાઈ શાહ તથા શ્રી જીગરભાઈ શાહ** દ્વારા **રિદ્ધી-સિદ્ધી ટ્રાવેલ્સના શ્રી મેહુલભાઈ** સાથે અનેક વખત ચર્ચા-વિચારણા કર્યા પછી સુંદર અને વિવિધ પકવાનો સાથે ભોજન પીરસવામાં આવ્યું હતુ અને દરેક યાત્રિકોએ મનભાવન ભોજન વ્યવસ્થા માટે પ્રસંશા કરી હતી. **કોકાના પાડાના** અંધેરી વેસ્ટ ખાતે રહેતા **ડૉ. ધરણેન્દ્રભાઈ બીપીનચંદ્ર શાહે** યાત્રિકોની નાની મોટી બીમારીમાં સારવાર આપી હતી તે બદલ પ્રમુખ **શ્રી દાનેશભાઈએ** તેમનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે સંસ્થા દ્વારા સંઘપુજન તથા સામુહીક સાધારણ ભેટ આપવા કરવામાં આવેલ જાહેરાતને યાત્રિકોએ વધાવી લેતા સાધારણ ખાતે કુલ **રૂા. ૭ લાખથી વધુ અને સામુહીક સંઘપૂજન ખાતે રૂા. ૨૧ લાખની રકમ સમર્પિત કરવામાં આવી હતી.**

કાર્યક્રમના અંતે યાત્રા પ્રવાસના દાતાઓ, શ્રી પાટણ જૈન મંડળ તથા યાત્રિકો દ્વારા આપવામાં આવેલ રકમના સામુહિક સંઘ પૂજનનું વિતરણ કરવામાં આવ્યું, જેમાં **દરેક યાત્રિક દીઠ રૂા. ૩૦૦૦/-ની પ્રભાવનાનું કવર તેમજ મુખ્ય દાતા તરફથી એક ગ્રામ કેસરની ડબ્બીનું વિતરણ** કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ યાત્રાની રૂપરેખા અને સંઘપતિઓના ટૂંક પરિચય સાથેની આકર્ષક પુસ્તિકાનું સંપાદન **મે. નેહજ એન્ટરપ્રાઈઝ** દ્વારા કરવામાં આવ્યુ હતું. સંસ્થા દ્વારા આયોજીત અયોધ્યા-વારાણસી યાત્રા પ્રવાસ માટે બધા સંઘપતિઓ સહિત ૬૬૦ યાત્રિકો **જય જય શ્રી પાર્શ્વનાથનો જયકાર બોલાવીને** મુંબઈ આવવા પ્રયાણ કર્યું. આ સમગ્ર યાત્રામાં ૧૦ બસો અને ૮૨ ઈનોવા પ્રાઈવેટ ગાડીઓનો કાફલો સાથે જોડાયો હતો.

**આ યાત્રાની અદભૂત સફળતા બાદ હવે બીજી યાત્રા ક્યારે અને ક્યાં લઈ જવાના છો તેના માટે સૌ પ્રમુખશ્રી દાનેશભાઈને વિનંતી કરતા હતા કે અમે તૈયાર છીએ ફરીથી આવા યાત્રા પ્રવાસમાં જોડાવવા માટે અમારા નામ અત્યારથી લખી નાખો.**

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૌ પ્રથમ પાલિતાણા યાત્રા પ્રવાસ ત્યારબાદ સમેતશિખરજી યાત્રા પ્રવાસ અને વર્તમાન સમયે અયોધ્યા-વારાણસીનો યાત્રા પ્રવાસ સહુ કોઈના માટે સુખદ અને સ્મરણિય બની રહ્યો અન સહુએ પાટણ જૈન મંડળની વર્તમાન ટીમનો જય જયકાર બોલાવ્યો. માતૃભૂમિ પાટણ માટે ''ન ભૂતો ન ભવિષ્યતિ''ની જેમ એક પછી એક Mile Stone કાર્યો થતા જાય છે સમાજના પરિવારો હવે ભેગા થઈને ''બંધુત્વસે પ્રેમની ભાવના'' ને સાર્થક કરતા જોવા મળે છે.**

**''છોડો કલકી બાતે કલકી બાત પુરાની, નયે દોરમે લીખેંગે હમ મીલકર નઈ કહાની..''**

**(૧) સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટર (૨) સિદ્ધાચલ યાત્રા (૩) શિખરજીની પંચતીર્થી યાત્રા (૪) શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય પાટણ (૫) લોનાવાલા હોલી-ડે હોમ - નવગ્રહ જિનાલય નિર્માણ (૬) અયોધ્યા-વારાણસી, શ્રાવસ્તી, કૌસાંબી વિગેરે ૪૭ કલ્યાણકભૂમીનો પ્રવાસ. (૭) સંસ્થાની વિવિધ સમાજલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓ - આર્થિક સહાય, મેડિકલ સહાય, શિક્ષણ સહાય, અનાજ સહાય જેવી વિવિધ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદોને તો મળતો જ રહે છે.**

## સફળ યાત્રા પ્રવાસના શિલ્પીઓ

### શ્રી દાનેશભાઈ વી. શાહ - પ્રમુખ

**કન્વીનર - શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ • શ્રી દેવેશભાઈ આર. શાહ • શ્રી ભાવિકભાઈ બી શાહ**

| | | | |
|---|---|---|---|
| શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા | શ્રી જીજ્ઞેશભાઈ ગિરીશભાઈ શાહ | શ્રીમતી ભાવિનીબેન જનકભાઈ શાહ | શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ |
| શ્રી જશભાઈ નિમીષભાઈ સાલવી | શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ | શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ | શ્રી બીનીશભાઈ ભરતભાઈ શાહ |
| શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ | શ્રી કલ્પીતભાઈ રશ્મિકાંત શાહ | શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ | શ્રી કમલભાઈ દલપતભાઈ શાહ |
| શ્રી હેમાંગભાઈ કીરીટકુમાર શાહ | શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ | શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ | શ્રી સુનીલભાઈ શશિકાંતભાઈ ઝવેરી |
| શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ | શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ | શ્રીમતી પ્રિતીબેન નિલેશભાઈ શાહ | શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ |
| શ્રીમતી શિતલબેન ભાવેશભાઈ શાહ | શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ | શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ | શ્રી અશોકભાઈ દલપતભાઈ શાહ |
| શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ | શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ | શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ | શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ |
| શ્રી સુનીલભાઈ રવિન્દ્રભાઈ શાહ | શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ | શ્રીમતી ધારાબેન નિલેશભાઈ શાહ | શ્રી હેમંતભાઈ જિતેન્દ્રભાઈ શાહ |
| શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ | શ્રી પારૂલબેન ફતેહચંદ શાહ | શ્રીમતી રીનાબેન જીજ્ઞેશભાઈ શાહ | |































KORG




































Patan Jain Mandal




Patan Jain Mandal










Patan Jain Mandal








Varanasi to Mumbai
Arrival at Airport - 11:30 AM
Breakfast at Hotel Hilton from 6:30 AM onwards
Hemang Bhai 9820196264
Jash Bhai 9920749962
























સંસ્થાને નિતિનભાઈ રસિકલાલ શેઠ તરફથી પ્રાપ્ત થયેલ સન્માનપત્ર પાના નં. ૪ ઉપર પ્રકાશિત કરવામાં આવ્યું છે.

## શ્રી પાટણ જૈન મંડળમાં વિવિધ યોજનાઓમાં દાન નોંધાવનાર દાતાઓની યાદી

| નામ | પૂરક મેડિકલ સહાય | અનાજ વિતરણ |
|---|---|---|
| શ્રી ધવલભાઈ દિપકભાઈ શાહ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ | ૨,૦૦,૦૦૦ | — |
| શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (નેહજ) | — | ૨,૦૦,૦૦૦ |
| શ્રી નિખીલભાઈ સૂર્યકાંત શાહ | ૨,૦૦,૦૦૦ | — |
| શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ તથા<br>શ્રીમતી શિતલ અશોકભાઈ શાહ | ૨,૦૦,૦૦૦ | — |
| શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ | — | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી કુસુમબેન કાંતિલાલ તેલિયાવાળા | — | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી હેમલબેન જનકભાઈ શાહ | — | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી નીતાબેન કમલેશભાઈ શાહ | — | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી પંક્તિાબેન પરેશભાઈ ખાંડવાલા | — | ૨,૦૦,૦૦૦ |
| શ્રીમતી મીતાબેન ભદ્રેશભાઈ શાહ | ૧,૦૦,૦૦૦ | -- |

# અયોધ્યા યાત્રા પ્રવાસ રિવ્યુ







શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત ૪૭+૧ પવિત્ર કલ્યાણક ભૂમિની તા. ૨૧ ફેબ્રુઆરીથી તા. ૨૭ ફેબ્રુઆરી - ૨૦૨૬ શ્રાવસ્તી, રત્નપુરી, અયોધ્યા, કૌશાંબી, વારાણસી પંચતીર્થી પાવન સ્પર્શના યાત્રા પ્રવાસનો અનુભવ શબ્દોમાં વ્યક્ત કરવો સહેલો નથી. જીવનનો એક અમૂલ્ય અધ્યાય પૂર્ણ થયો. સૌ યાત્રિકોનો આત્મા આનંદથી ઓતપ્રોત થઈ ગયો. ૬૬૦ યાત્રિકોને વિમાન દ્વારા આવવા તથા જવાની સગવડ કરવી તથા ભાવતા ભોજનની સુંદર વ્યવસ્થા, એસી બસ દ્વારા યાત્રા પ્રવાસ તથા અન્ય સગવડો સાથે જે યાત્રા કરવા મળી તે માટે ખુબ ખુબ આભાર.

પ્રત્યેક કલ્યાણક ભૂમિ પર પહોંચતા જ હૃદયમાં અદ્‌ભૂત શાંતિ અને ભક્તિનો પ્રવાહ વહેતો અનુભવાયો. વર્ષો જૂની તપસ્યા અને તીર્થંકર ભગવંતોના ચરણરજનો સ્પર્શ કરતાં આંખો ભીની થઈ ગઈ. આ યાત્રા પ્રવાસમાં શ્રી સંભવનાથ ભગવાન, શ્રી અજિતનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી શ્રેયાંશનાથ ભગવાન, શ્રી ધર્મનાથ ભગવાન, શ્રી પદ્મપ્રભ સ્વામી ભગવાન, શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન વિગેરેની ભાવભક્તિથી સેવા-પૂજા કરવા મળી. આ પ્રસંગને જીવનમાં ક્યારેય ભૂલી શકાય તેવો નથી.

આ યાત્રાની સૌથી સુંદર વાત હતી - સૌની એકતા, સ્નેહ અને સહકાર. પરિવાર સમાન સૌ સાથે ચાલવું, ભોજન, આરાધના અને હાસ્યની પળો વહેંચવી - આ બધું જ જીવનભર યાદ રહી જશે. એકબીજાની કાળજી લેતી ભાવના એ યાત્રાને માત્ર પ્રવાસ નહીં, પરંતુ સંસ્કારયુક્ત સંસ્મરણ બનાવી દીધી. ફાઈવસ્ટાર સમાન સુવિધાઓ, વ્યવસ્થિત આયોજન, સમયસરની દરેક વ્યવસ્થા અને દરેક યાત્રાળુ પ્રત્યેની આત્મીયતા - મંડળની ટીમે જે નિષ્ઠા અને સમર્પણથી સેવા આપી તે ખરેખર અવર્ણનિય છે.

યાત્રા દરમ્યાન ક્યારેય અસુવિધાનો અણસાર પણ આવ્યો નહીં. - આ જ તેમની મહેનત અને ભાવનાનો પરિચય છે. ખુબજ મુશ્કેલ અને અતિપ્રાચિન આ તીર્થયાત્રા જે એકલા કોઈ કરી ના શકે તેના માટે પાટણ જૈન મંડળનો સમુહમાં સંઘ સાથે યાત્રાને સફળ બનાવવાનો ભગીરથ પ્રયાસ પાટણ સમાજની યશોગાથાનું એક અવિસ્મરણિય છોગુ.

આવી પવિત્ર યાત્રા શક્ય બની તે માટે સર્વ દાનવીરોના કરજદાર છીએ. આપના ઉદાર સહયોગ વગર આટલો ભવ્ય અને સુવ્યવસ્થિત કાર્યક્રમ શક્ય નહોતો. આપ સૌએ જે પુણ્યનું ભાથુ બાંધ્યું છે તે અપરંપાર છે, હૃદયથી પ્રાર્થના છે કે આવા ભક્તિના આધ્યાત્મિક અવસરો વારંવાર પ્રાપ્ત થાય અને સૌના જીવનમાં શાંતિ, સમૃદ્ધિ અને આત્મકલ્યાણનો પ્રકાશ ફેલાતો રહે. શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહને આ યાત્રા કરાવવાનો મનસુબો જાગ્યો અને તેમની ટીમ સાથે વાર્તાલાપ વિચારવિમર્શ કરીને ડોનરોને સાથે રાખીને અદ્‌ભુત આયોજન દ્વારા આ યાત્રા સફળ બનાવી.

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
**શ્રીમતી હીના યશમુખ શાહ**
**શ્રીમતી પ્રજ્ઞા નિતીનભાઈ રસિકલાલ શેઠ**
**શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ**
**રૂપલ, નીપુણા, નીરૂપા, વનિતા, શીલા, રાજુ, રાજેશભાઈ**

# PPL ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૯ નો અહેવાલ



શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા ઈન્ડોર ગેમ્સ, આઉટડોર ગેમ્સનું આયોજન સમાજના મુંબઈ ખાતેના વિવિધ વિસ્તારોના યુવા ખેલાડીઓની બનેલી ટીમો વચ્ચે દર વર્ષે કરવામાં આવે છે. એજ રીતે ચાલુ વર્ષે પણ **PPL SEASON-9** નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ સાત ટીમોએ ભાગ લીધો હતો.

ક્રિકેટ ટુર્નામેન્ટ માટે **ખેલાડીઓની ઓક્શન તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૫ના શનિવારના રોજ PLD Banquet Hall પ્રભાદેવી** ખાતે ખુબજ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. આ ઓક્શન દરમ્યાન તમામ ટીમોએ પોતાના ખેલાડીઓની પસંદગી કરી અને ટુર્નામેન્ટ માટે મજબૂત ટીમો તૈયાર કરી.

**મેઈન સ્પોન્સરર INIZIO BERYLLE** ના **શ્રી અમીતભાઈ અને શ્રીમતી પલ્લવીબેન શ્રી ભુપેન્દ્રભાઈ અને શ્રીમતી આશીતાબેન** અને **કો. સ્પોન્સરર K. SEVANTILAL & CO.** ના **શ્રી રવિભાઈ અને શ્રીમતી સોનલબેન** હતા.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ આપણા સમાજની લાંબાગાળાની એક્ટીવીટી હોય છે જે બે મહિના રમાય છે અને એની તૈયારી ત્રણ મહિના અગાઉથી થાય છે.

આ ટુર્નામેન્ટની ધમાકેદાર **શરૂઆત તા. ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ થઈ કુલ સાત ટીમોના ૧૨૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો** અને **કુલ ૩૯ મેચો** અલગ અલગ ગ્રાઉન્ડ ઉ.દા. **મુંબઈ, પનવેલ, લોનાવલા, બદલાપુર જેવા આઉટ સ્ટેશને પણ રમાઈ હતી.**

દર વર્ષની જેમ ચાલુ સાલે પણ આવા મોટા આયોજનને સમાજના પરિવારો તરફથી ખૂબજ ઉમદા સહયોગ પ્રાપ્ત થયો.

**કુલ સાત ટીમો નીચે પ્રમાણે છે.**

**1) KS Kings = Shri Ravibhai Sevantilal Shah**
**2) SK Strikers = Shri Sevantilal Kantilal Family**
**3) CC Mavericks = Shri Manishbhai Shah**
**4) MTM Riders = Shri Kamleshbhai Premchand Shah**
**5) SPS Superstars = Shri Sandipbhai Pramodbhai Shah**
**6) New India Titans = Shri Chiragbhai Ashokbhai Shah**
**7) Turf Blasters = Shri Suchitbhai Jayrajbhai Shah**

આ સમયે સૌ પ્રથમ બન્ને ટીમોના ખેલાડીઓ ટીમ, ઓનર્સો, મુખ્ય સ્પોન્સરરો તથા કો. સ્પોન્સરરો તેમજ મંડળના પ્રમુખ તથા ઉપપ્રમુખો અને પદાધિકારીઓ તથા અન્ય હોદ્દેદારો તેમજ સ્પોર્ટ્સ સમિતિના સભ્યો દ્વારા ગ્રાઉન્ડ ખાતે ઉભા રહી રાષ્ટ્રગીતને માન આપી મેચનો શુભારંભ થયો હતો.

**''રમત માત્ર રમવા માટે નથી, પરંતુ એકતા, મિત્રતા અને ઉત્સાહને ઉજવવાનો સુંદર અવસર છે.''**

દરેક ટીમે પોતાની શ્રેષ્ઠ રમત દર્શાવી અને સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન દર્શકોને રોમાંચિત કર્યા. ખેલાડીઓનો ઉત્સાહ અને રમતિયાળ ભાવનાએ આ ટુર્નામેન્ટને યાદગાર બનાવી. આ પ્રસંગે મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** દ્વારા પોતાના વક્તવ્યમાં સ્પોર્ટ્સ સમિતિના આ ભવ્ય આયોજનને બિરદાવતા જણાવ્યું હતું કે સંસ્થાને આવા આયોજનથી એક નવી કેડી સાંપડી છે.

**ફાઈનલ મેચ તા. ૧, માર્ચ ૨૦૨૬ રવિવારના રોજ SK Strikers** અને **CC Mavericks** વચ્ચે ખૂબજ રોમાંચક મેચ જોવા મળી. ટોસ જીતીને **SK Strikers** ની ટીમે પહેલા બેટીંગ કરીને **૧૫૦ રન** બનાવ્યા હતા. જવાબમાં **CC Mavericks** ની ટીમ **૧૧૫ રન** પર ઓલ આઉટ થઈ ગઈ હતી. આ રીતે **SK Strikers** એ **શાનદાર જીત મેળવીને** ટુર્નામેન્ટનો ખિતાબ પોતાના નામે કર્યો.

**મેદાનમાં જીત એક ટીમની હોય છે, પરંતુ ગૌરવ સમગ્ર સમાજનું બને છે.**

**વિજેતા ટીમ SK Strikers** ને **રૂપિયા ૩ લાખનો** તેમજ રનર્સઅપ ટીમ **CC Mavericks** ને **રૂા. દોઢ લાખનો ચેક** મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** દ્વારા એનાયત કરવામાં આવ્યો.

આ ઉપરાંત **બેસ્ટ બેસ્ટમેન શ્રી રચીત શાહ, બેસ્ટ બોલર શ્રી સાહીલ શાહ, બેસ્ટ ફિલ્ડર શ્રી જીગર શાહ, બેસ્ટ વિકેટ કિપર શ્રી કરણ ઝવેરી ઈમર્જીન પ્લેયરો શ્રી પ્રથમ શાહ તથા શ્રી કિયાન ભાનુશાલીનું મંડળના ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ તથા શ્રી રાજેન્દ્રભાઈ તેમજ સ્પોર્ટસ સમિતિના માનદમંત્રીઓ શ્રી મિતેશભાઈ, શ્રી યોગેશભાઈ સહમંત્રીઓ શ્રી પરાગભાઈ તથા શ્રી કેતનભાઈ ઈત્યાદીના વરદ હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું. વધુમાં મેન ઓફ ધી સીરીઝ વિજેતા શ્રી સ્મીત શાહને બાઈક સ્પોન્સરર ફ્રૂફ્ર ડણકુડદ્રઘ્ન ના વરદ હસ્તે ચાવી એનાયત કરવામાં આવી.**

આ ટુર્નામેન્ટનું પ્રથમ રાઉન્ડથી ફાઈનલ રાઉન્ડ પર્યંતની દરેક મેચનું સ્પોર્ટ્સ એપ્લીકેશન ઉપરાંત દરેક મેચનું **You Tube** ઉપર **Live Telecast** કરવામાં આવ્યું હતું.

આ અવસરે સમાજના **૫૦૦થી વધુ ક્રિકેટ રસિકો** દ્વારા મોડી રાત સુધી ઉપસ્થિત રહી યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ક્રિકેટ ટુર્નામેન્ટના વિશાળ ખર્ચનો આર્થિક બોજો મંડળ ઉપર ન આવે તેવી વિચારધારાને સક્રિય કરતા આયોજન ખર્ચની પૂરી રકમ મેળવવાના સ્પોર્ટ્સ સમિતિના સભ્યો દ્વારા થયેલ પ્રયત્નોને પરિણામે સમાજના દાતાઓ તરફથી ઉત્કૃષ્ટ પ્રતિસાદ સાંપડ્યો છે. સમાજના સર્વ સ્પોન્સરરો તેમજ ટીમ ઓનર્સોએ ઉદારતાથી આપેલ આર્થિક સહયોગ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**"We would like to extent our heartfelt gratitude to all our esteemed our sponsors and owners for their generous support and encouragement. Their valuable contribution Played a vital role i making this Tournament a grand success. Without their unwavering support, it would not have been possible to organize and execute this event in such a smooth and successful manner. On behalf of Patan Jain Mandal we sincerly thanks each of our sponsors & owners for believing in this initiative and for being an intigral Part of this memorable event."**

સ્પોર્ટ્સ સમિતિના **ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ, સેક્રેટરી શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ, જોઈન્ટ સેક્રેટરી શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ, શ્રી કેતનભાઈ શાહ, કમિટી મેમ્બરો શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ, શ્રી હર્ષલભાઈ શાહ, શ્રી ચિરાગભાઈ શાહ, શ્રી જીગરભાઈ શાહ, શ્રી આશીતભાઈ શાહ, શ્રી પુનિતભાઈ શાહ, શ્રી રાજીવભાઈ શાહ, શ્રી સંજયભાઈ શાહનો સહયોગ** પ્રાપ્ત થયો હતો.

**''એકતા, રમતિયાળ ભાવના અને સંકલ્પ આજ સાચી સફળતાની ઓળખ છે.''**

















PATAN PREMIER LEAGUE 9.0
Award for the WINNING TEAM PPL-9
₹3,00,000/-




PATAN PREMIER LEAGUE 9.0
BEST WICKET KEEPER OF THE SERIES


PATAN PREMIER LEAGUE 9.0
BEST FIELDER OF THE SERIES




PATAN PREMIER LEAGUE 9.0
BEST BATSMAN OF THE SERIES


PATAN PREMIER LEAGUE 9.0
EMERGING PLAYER OF THE SERIES




PATAN PREMIER LEAGUE 9.0
TITLE SPONSORS AND CO-SPONSORS
PATAN PREMIER LEAGUE SEASON 9
RUNNER-UP


PATAN PREMIER LEAGUE 9.0
TITLE SPONSORS AND CO-SPONSORS
PATAN PREMIER LEAGUE SEASON 9
CHAMPIONS

# વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.







**Rs. 25+6.5 = 31.5 Lc  બે ભાગમાં સયુંક્ત લાભાર્થી :**

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે
બીજા ભાગના લાભાર્થીનું નામ લેવાનું બાકી છે,
જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે, આ સ્કીમમાં પાર્શ્વયક્ષ
ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૬.૫૦ લાખ રહેશે.

**Rs. 30 Lc  એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc  એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

| | |
|---|---|
| **Rs. 2.25 Cr** | ડાઈનીંગ હોલ |
| **Rs. 1.50 Cr** | Grand એન્ટ્રન્સ લોબી |
| **Rs. 1.25 Cr** | ક્રિકેટ ગ્રાઉન્ડ |
| **Rs. 1.25 Cr** | લેન્ડસ્કેપ એરિયા |
| **Rs. 1.25 Cr** | હોલ (૨૦૦ વ્યક્તિ માટે) |
| **Rs. 63 Lc** | હોલ (૧૦૦ વ્યક્તિ માટે) |
| **Rs. 30 Lc** | વ્યૂવિંગ ગેલેરી |

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે


**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ • શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખે શ્વર પા ર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
(અંકે રૂા. બે કરોડ સાત લાખ)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
(અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊
પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# શ્રી પાટણ જૈન મંડળ
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**
❖ શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)
હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**
- ❖ શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- ❖ શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- ❖ શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- ❖ શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  - • શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- ❖ શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- ❖ શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- ❖ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- ❖ શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- ❖ શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ❖ શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્ગૃહસ્થ
- ❖ શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - • શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - • શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ
  - • શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ – હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા – શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા – શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા – શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી – શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) – એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) – હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી – મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા – હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ – હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ – હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર – હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રીમતી શીલાબેન દિપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

## લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ, બાણગંગા વાલકેશ્વર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા ઈસ્ટ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા વેસ્ટ) | રૂા. ૫.૦૦ લાખ |


ફેબ્રુઆરી-૨૦૨૬, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ-
૨૦૩, શ્રીજી દર્શન બિલ્ડીંગ,
પ્રસાદ ચેમ્બરની સામે, ટાટા રોડ
નં. ૨, ઓપેરા હાઇસ, મુંબઈ-૪૦૦૦૦૪.
મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ આર. શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ આર. શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬ • શ્રી હિતેશભાઈ એમ. શાહ મો. ૯૮૨૦૦૭૦૨૦૮

| | |
|---|---|
| શ્રી પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ, (અંધેરી-ઈસ્ટ) | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી ભવ્યભાઈ નિલેશભાઈ શાહની દીક્ષા નિમિત્તે જીવદયા ટીપ, (ગોરેગામ ) હ. શ્રી બીપીનભાઈ | ૧,૫૦,૦૦૦ |
| શ્રી સુનીતાબેન અશોકભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રી નેમચંદભાઈ જેશંગલાલ ગુંદરવાલા પરિવાર | ૮૦,૦૦૦ |
| શ્રીમતી પન્નાબેન અશ્વીનભાઈ શાહ અને અન્યો વર્ષિતપ નિમિત્તે (અમદાવાદ) | ૫૪,૦૦૦ |
| એક સદ્ગૃહસ્થ તરફથી - હ. શ્રી જગદીશભાઈ | ૫૪,૦૦૦ |
| શ્રી ગોવાલીયા ટેન્ક જૈન સંઘ | ૫૧,૦૦૦ |
| શ્રીમતી વસુમતીબેન મંગળદાસ શાહ, (મલ્લાતનો પાડો) | ૫૧,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૩૭,૫૦૦ |
| શેઠ જીવણદાસ ગોડીદાસ શંખેશ્વર પાર્શ્વનાથજી જૈન દૈરાસર ટ્રસ્ટ( અમદાવાદ, પાલડી) | ૨૫,૦૦૦ |
| શ્રી ધ્રુપદભાઈ મુલચંદ શાહ (વાલકેશ્વર) | ૨૨,૦૦૦ |
| સ્વ. શ્રીમતી કુમુદબેન રજનીકાંતભાઈ શાહ (વખતજીની શેરી, મરીનડ્રાઈવ) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી મીનલબેન ભરતભાઈ શાહ | ૨૧,૦૦૦ |
| (શાંતિનાથની પોળ, ઘાટકોપર) | |
| શ્રી હિરેનભાઈ ચોક્સી (અમદાવાદ) | ૨૦,૦૦૦ |
| ન્યૂ પ્રેમ સૌભાગ્ય શ્વે.મૂ.જૈન સંઘ, પ્રેમજી નગર, બોરીવલી | ૧૫,૦૦૦ |
| શ્રી સેવંતીલાલ કસ્તુરચંદ શાહ (ગોવાલીયા ટેન્ક) | ૧૨,૧૫૦ |
| શ્રી જૈન જાગૃતી સેન્ટર, પાટણ | ૧૧,૦૦૦ |
| શ્રી પારુલબેન જયેશભાઈ ચોક્સી, પ્રથમ-પાહીનીની બર્થડે નિમિત્તે (વડોદરા) | ૧૧,૦૦૦ |
| શ્રી ભાવેશભાઈ નવીનચંદ્ર શાહ, માનસના લગ્ન પ્રસંગ નિમિત્તે (મહાદેવાજીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ (તારાબાગ) | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી લતાબેન નવીનભાઈ શાહ (કસુંબીયા વાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી બિમલભાઈ હસમુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી તરુણાબેન સુરેશભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી રીમાબેન યશભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ઈન્દીરાબેન ડી. શાહ (મુંબઈ) | ૧૦,૦૦૧ |
| બાલાજી માર્કેટીંગ - પાટણ | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# સમૃદ્ધ પાટણ સમાજની મેડિકલ યોજના

**-: રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-**

દિન-પ્રતિદિન વૈદકીય સારવાર, હૉસ્પિટલનો ખર્ચો તેમજ હૃદયરોગ, કિડની, લિવર, પેરેલિસિસ જેવા વધુ લાંબા રોગોની સારવારનો ખર્ચો ખૂબજ વધારે પડતો આવે છે, મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાના સ્વજનને સારી અને વ્યવસ્થિત સારવાર કરવા માટે આપણા સમાજ પાસે મદદ લેવા અરજીઓ કરવી પડે છે, તેમના મોટી રકમના બિલો ચૂકવવામાં અને તેઓને થોડી રાહત આપવા આપણા સમાજના શ્રીમંત પરિવારો હંમેશા તૈયાર રહે છે તે ખૂબજ અનુમોદનીય બાબત છે.

આ યોજના અંતર્ગત સમાજના વધુને વધુ પરિવારો જોડાય તેવા શુભ આશયથી **''રૂા. એક લાખની પૂરક મેડિકલ સહાય સ્કીમ''** શરૂ કરી છે. આશા છે કે આપણા જ સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય આપવામાં જરૂરથી પ્રોત્સાહન આપીને માનવસેવાના કામમાં સાથ-સહકાર આપશો.

સમાજના નીચે મુજબના દાનવીરો દ્વારા આ યોજનામાં સ્વૈચ્છિક રીતે જોડાઈ અમોને પ્રોત્સાહન પુરુ પાડેલ છે, તે બદલ તેઓ સહુ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

- ✱ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- ✱ શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા)(કનાસાનો પાડો)
- ✱ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
- ✱ શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો)
- ✱ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- ✱ શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- ✱ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✱ શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✱ શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- ✱ શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- ✱ શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)
- ✱ શ્રી રમેશચંદ્ર મોતીલાલ શાહ (કટકિયા વાડો)
- ✱ શ્રીમતી ચંપાબેન ભાખાભાઈ સાલવી (સાલવી વાડો)
- ✱ શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ✱ શ્રીમતી સુશીલાબેન બાપુભાઈ શાહ (મલ્લાતનો પાડો)
- ✱ શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)
- ✱ શ્રી પ્રફુલભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)
- ✱ શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી (કુંભારીયા પાડો)
- ✱ શ્રીમતી માધવીબેન હિતેનભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)
- ✱ સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ✱ શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ✱ શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ✱ શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ✱ શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)
- ✱ શ્રીમતી સ્મિતાબેન સ્નેહલભાઈ સંઘવી (બ્રાહ્મણ વાડો)
- ✱ શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી (ચોધરીની શેરી)
- ✱ શ્રી અશ્વીનભાઈ કાંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- ✱ શ્રીમતી દત્તાબેન અશ્વીનભાઈ શાહ (કનાસાનો પાડો)
- ✱ શ્રીમતી હંસાબેન બાબુલાલ શાહ (કનાસાનો પાડો)
- ✱ શ્રીમતી ધારાબેન શૈલેષભાઈ શાહ (કુંભારીયા પાડો)
- ✱ શ્રી કેશવલાલ કીલાચંદ સાહ (કુંભારીયા પાડો)

# સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

પોતાના સહધર્મી ભાઈને, શ્રેષ્ઠ, સમર્થ અને દિવ્યગુણ સંપન્ન બનાવવો તેનું નામ સાધર્મિક વાત્સલ્ય, તેનું નામ સાધર્મિક ભક્તિ.

ભક્તિનો અર્થ છે પરમપ્રીતિ સહર્ધમી ભાઈને પણ શ્રેષ્ઠ, સમર્થ અને સંપન્ન બનાવવા માટે નક્કર પ્રયત્ન કરવા તેનું નામ સાધર્મિક ભક્તિ. જૈન ધર્મના ઉમદા વિચારોને કેન્દ્રમાં રાખીને શ્રી પાટણ જૈન મંડળ સમાજના મધ્યમવર્ગના પરિવારોને હર પ્રકારે સાથ-સહકાર અને સેવા આપવાનો મુખ્ય ધ્યેય ધરાવે છે અને સતત કાર્યરત છે.

આપ સહું આર્થિક રીતે સાધન સંપન્ન શ્રેષ્ઠિઓ મળે છે કે સાધર્મિકોને સહાય કરવા દિન-પ્રતિદિન ભંડોળની જરૂર પડતી જ હોય છે. વધતી જતી કારમી મોંઘવારીમાં આ પરિવારોને સહાય કરવા ભંડોળ-ફંડની જરૂર તો પડતી જ રહે છે એના પછી જરૂર પડે છે, ઉત્કટ ભાવનાની અને સમર્પિત કાર્યકરોની આ ત્રિવેણી સંગમ સતત જો અકબંધ રહે તો શ્રી પાટણ જૈન મંડળના અનેકાનેક જીવનમાં એક દીપ પ્રગટાવી શકીશું. પાટણ જૈન મંડળ તરફથી ગત વર્ષે શરૂ કરવામાં આવેલ અનાજ વિતરણ યોજના અંતર્ગત લગભગ ૨૨૫ પરિવારો લાભ લઈ રહ્યા છે.

સંસ્થામાં આજ સુધી ૨૫ દાતાઓના નામ આવી ગયા છે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર. સમાજના અન્ય પરિવારોને પણ સાધર્મિક ભક્તિ યોજનામાં જોડાવવા નમ્ર વિનંતી.

**ખાસ નોંધઃ**

(૧) ઉપરોક્ત યોજનામાં દાન આપનાર દરેક દાતાઓનો એક ફોટો દાનની રકમ પ્રાપ્ત થયા બાદ પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં છાપવામાં આવશે.

(૨) સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમટેક્ષ કાયદા કલમ ૮૦જી (80G) અન્વયે ૫૦ ટકા (50%) કરમુક્તિને પાત્ર છે.

# ''હે ત્રિશલાના જાયા, માંગુ તારી માયા''

ચૈત્ર સુદ ૧૩ એટલે દરેક જૈનો માટે, જૈન શાસન અને ચર્તુવિધ સંઘ માટે અનેરો ઉત્સવ આપણા સહુના હૃદયમાં સ્થાપિત અને જેનું શાસન વર્તમાનમાં ચાલી રહ્યું છે તે ૨૪માં તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીનું જન્મકલ્યાણક

ત્રિલોકીનાથ, વિશ્વની વિરાટ વિભૂતિ, અહિંસાના પયંગબર, અનેકાંતવાદ અને અપરિગ્રહનો સમગ્ર વિશ્વને સંદેશો આપનાર, શાસનપતિની શીતલ છાયામાં આપણે શાંતિથી બેઠા છીએ. પરમ ઉપકારી ત્રિલોકીનાથને આજે ફરી ફરીને સતત તેમના આશીર્વાદ માગવાનો અવસર વર્તમાનકાળે આવીને ઊભો રહ્યો છે, મહાવીર ભગવાનના સિદ્ધાંતોને **"MAHAVIR"** શબ્દોતી સમજીએ.

**M = Make your Heart Merciful :-**

જ્યાં સુધી આપણા હૃદયમાં દયા, અનુકંપા, કરૂણાના ભાવ નહીં આવે ત્યાં સુધી સાચી શાંતિ નહીં મળે જ્યાં સુધી જીવનમાં અહિંસાના ભાવ નહીં કેળવાય ત્યાં સુધી શાંતિ નહીં મળે. વર્તમાન સમયે આપણે સહુ સાક્ષી ભાવે જોઈ રહ્યા છે, અમેરિકા, ઈઝરાયેલ, ઈરાન દ્વારા થતાં ભયાનક યુદ્ધના કારણે વાતાવરણ હિંસક અને ભયભીત બન્યું છે. સમગ્ર વિશ્વના દેશો અને પ્રજા ભય અને ચિંતાના માહોલમાં જીવી રહી છે. આવતીકાલે શું થશે તેની કોઈને કલ્પના નથી નિર્દયતા અને સ્વાર્થના આજના સમયમાં પ્રભુ મહાવીરની વાણી એક જ્ઞાની તેના શબ્દોમાં કહે છે :

**''લડતી ઝઘડતી આ દુનિયાને એક દિન**
**મહાવીરે ચીંધ્યા રાહે જાવું પડશે....**
**વેરથી વેર શમે નહીં જગમાં, આગથી આગ બુઝાયના,**
**હિંસાથી હિંસા હણાય નહીં, કો'દિન, શાસ્ત્રોથી શાંતિ મળે ના**
**બોમ્બ અને મિસાઈલો બનાવનાર વૈજ્ઞાનિકોએ એક દિન જરૂર પસ્તાવું પડશે...**

**A = Anger is the Madness of Mind :-**

ક્રોધ તો માનવના મગજનું પાગણપણું છે ક્રોધની સામે શાંત ભાવે, પ્રેમભાવે, ક્ષમા કરીને સામેની વ્યક્તિને જીતી લો.

**H = Humnity is the root of all Virtues :-**

માનવતાનો દીપ જલાવો માનવતાના પાયા પર જ ધર્મની ઈમારત ચણી શકાય પ્રથમ એક ગુણ જો માનવતાનો કેળવાશે તો બાકીના અન્ય ગુણો એની મેળે જ વિકાસ પામશે.

**A = Abandonment should be our Motto :-**

ત્યાગ એ જીવનનો સિદ્ધાંત છે છોડતા શીખો, આપતા શીખો સ્વાર્થી ન બનો આ તો અંતરનો ફુવારો તમારી ભીતરમાંથી બહાર આવી છાંટણા કરશે.

**V = Virtue Mokes man Great and Happy :-**

જીવનમાં સત્ય વચનો, સારી નીતિ, પ્રમાણિકતા હશે તો જીવન સુગંધિત બનશે.

**I = Idelness is the Root of all Sins :-**

પ્રમાદને છોડો જેના જીવનમાં પ્રમાદ છે, તે જીવન વ્યર્થ છે. પ્રમાદ એટલે આળસ તેને ખંખેરીને ઉદ્યમવંત બનો.

**R = Rightiousness must be Root of our Life :-**

સત્ય વચનો આપણાં જીવનના મૂળભૂત સિદ્ધાંતો હોવા જોઈએ. સત્ય વિનાનું જીવન શાંતિમય ન બને.

આ સાત સદ્‌ગુણો જ માનવને ''જીવો અને જીવવા દો'' નો સૂત્ર આપી "Art of Living" ની ખૂબજ ઉત્તમ સમજણ આપી છે. પ્રભુ મહાવીરે પોતાના બન્ને કરૂણાસભર ચક્ષુઓથી સમતા અને મમતાનો ધોધ વહાવી આપણા પર કરૂણા વરસાવી છે. માત્ર ક્ષમાના નીર દ્વારા વેર-ઝેરની ભાવનાને દૂર કરી બતાવી છે.


જો આજે પણ સમગ્ર વિશ્વના લોકો પ્રભુ મહાવીરની વાણી અને વચનને સ્મૃતિમાં લાવે તે મુજબ પાલન કરે તો શાંતિની નદીઓ વહેતી રહે. કુદરતનો આ સનાતન નિયમ છે એ કાયમ યાદ રાખીએ:-

''કોઈને ય રડાવનારો, કોઈનેય મારનારો, કોઈને પણ દુઃખી કરનારો જીવ ક્યારેય પણ પોતાના જીવનમાં સુખ-શાંતિથી રહી શકતો નથી.''

પ્રભુ મહાવીરે મનુષ્યના આત્મકલ્યાણની જેટલી ચિંતા કરી છે, તેટલી બીજા કોઈએ કરી નથી. તેમના વચનો અમૃત સમાન છે. આ અમૃતનું રસપાન કરવા આપણા ભીતરની ધરતી પર દયા, પ્રેમના છોળ ઉછેરીને, કરૂણાસભર હૈયું રાખીને સમગ્ર જીવો સાથે મૈત્રીભાવથી રહીએ તો જ ત્રિશલાના જાયાની માયા આપણને માંગ્યા વગર મળશે તેની કરૂણાનો કોઈ પાર નથી.

પ્રભુ મહાવીરના જન્મદિવસ નિમિત્તે સહુને ભાવભરી વંદના!!

**– અસ્તુ --**



શ્રી આદિનાથ પરમાત્માના ૪૦૦ દિવસના સળંગ ઉપવાસનું નિમિત્ત લઈને હજારો ને લાખોની સંખ્યામાં શ્રાવકો / શ્રાવિકાઓ સ્વના કર્મક્ષય નિમિતે ફાગણ વદ ૮ ના બુધવારના રોજ શ્રી આદિનાથના જન્મ / દીક્ષા કલ્યાણક (૧૧મી માર્ચ-૨૦૨૬)થી વર્ષીતપનો પ્રારંભ કરી દીધો હશે તે તપસ્વીઓની અનુમોદના - સુખ-શાતામાં રહેશો તેવી શુભ ભાવના.

**શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવારો**

## શાશ્વતી નવપદજીની આયંબિલની ઓળી

**ચૈત્ર સુદ ૭ બુધવાર, તા. ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ શાશ્વતી નવપદજીની આયંબિલનો ઓળીનો પ્રારંભ થશે.**

વર્ષની બે ઓળી.. ગામે-ગામ ગુંજે

શ્રીપાલ-મયણાનો રાસ, એમાં એક વાત લખી છે ખાસ.



મયણાના પિતાએ આવેશમાં આવીને પરણાવી કોઢીયા ઉંબર રાણા સાથે... મયાણાએ વિવેકથી, પ્રસન્ન મુખે સ્વીકારી લીધી પિતાની આજ્ઞાને... અને એ જ ઉબર, વાસ્તવમાં નીકળ્યો 'શ્રીપાલ'. મહાભાગ્યવંત રાજવી.

આ ઘટનામાં મયણાની આરાધના, શ્રીપાલનું પુણ્ય એ બધું જાણીએ છીએ આપણે. પરંતુ એક રહસ્ય તરફ ધ્યાન નથી જતું આપણું... પિતા આવેશમાં, પક્ષપાતથી, ક્રોધે ભરાઈને એમ કોઈપણ રીતે બોલ્યા... પણ, એમનું બોલેલું સ્વીકારવાથી મયણાનું પુણ્ય જાગ્યું છે.. પિતાએ ક્રોધે ભરાઈને જે વર આપ્યો, તે જ શ્રીપાલ નીકળ્યો.

ઓળી કરનારા તપસ્વીઓની અનુમોદના અને સુખશાતામાં રહેશોજી.

## પાટણના તમામ જિનાલયોના સંપૂર્ણ ધર્મ સેવકો (કર્મચારીઓ)નું વિશિષ્ટ સન્માન

પાટણના પનોતા પુત્ર સિદ્ધાંત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજાના સમુદાય વતી આચાર્યશ્રી ઉદય વલ્લભ સૂરી આચાર્યશ્રી હૃદય વલ્લભ સૂરી આદિઠાણા પાટણ પધાર્યા હતા.

પાટણના તમામ જિનાલયો, ઉપાશ્રયો, આંયબિલ શાળા, ધર્મશાળા, જ્ઞાન ભંડાર વગેરેના સંપૂર્ણ ધર્મ સેવકો / કર્મચારીઓનું, પૂજારી, સફાઈ કર્મચારી વગેરે ૩૫૦ જેટલા ધર્મસેવકોને અઢી હજારથી લઈ પાંચ હજારના ચેક અર્પણ કરી સન્માનિત કરેલ છે.

આવું વિશિષ્ટ સન્માન પાટણના ઈતિહાસમાં સર્વપ્રથમવાર થયેલ છે.







# યુધિષ્ઠિર કે કર્ણ - શ્રેષ્ઠ દાનવીર કોણ ?

મહાભારતનો આ પ્રસંગ છે, ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનના પ્રશ્નોનું સમાધાન કરી આપે છે, આપણાં સહુના જીવનમાં અને કોર્પોરેટ મેનેજમેન્ટમાં પણ બોધ મળે તેવો પ્રસંગ જાણવા મળ્યો. વાચકોના કરકમળમાં મુકવો મને યોગ્ય લાગ્યો છે. આશા છે કે જરૂરથી ગમશે.

એક વખત અર્જુને ભગવાન શ્રી કૃષ્ણને પૂછ્યું કે; ''અમારા શ્રેષ્ઠ ભ્રાતા યુધિષ્ઠિર દાનવીર છે તેમના દ્વારે આવેલ કોઈપણ યાચકને તેણે માંગેલ વસ્તુ આપ્યા વિના પરત જવા દેતા નથી. કર્ણ પણ આમ જ કરે છે તો પછી કર્ણની દાનવીર તરીકે બોલબાલા છે અને અમારા ભ્રાતાની કર્ણ કરતા ઓછી કેમ ?''

શ્રી કૃષ્ણએ મંદ મંદ સ્મિત આપતા અર્જુનને કહ્યું; ''ચાલ, મારી સાથે આપણે બ્રાહ્મણનો વેશ ધારણ કરીને બન્ને પાસે વારાફરતી અમારે યજ્ઞ કરવા માટે ચંદનના લાકડાની જરૂર છે તેમ કહીને માગણી કરીએ.''

પહેલા તેઓ યુધિષ્ઠિર પાસે ગયા અને ચંદનના લાકડા યજ્ઞ માટે માગ્યા. યુધિષ્ઠિરે સૈનિકોને બોલાવીને કહ્યું; ''જાઓ જંગલમાં જઈને આ બે બ્રાહ્મણો માટે ચંદનના લાકડા લઈ આવો.''

સૈનિકો તો નીકળી પડ્યા પણ સાંજ થતાં નિરાશ થઈને પાછા આવ્યા. કેમકે તેઓ ચંદનના લાકડા તો લાવ્યા હતા પણ તે વર્ષાઋતુ હોવાથી બધાજ લાકડા ભીના અને પોચા પડી ગયા હતા. જે યજ્ઞમાં કામ લાગે તેમ નહોતા.

યુધિષ્ઠિરે આ બન્ને બ્રાહ્મણોને વિનમ્ર સ્વરે બે હાથ જોડીને માફી માંગતા કહ્યું; ''માફ કરજો, તમે તો જોયું કે મે તો મારો ધર્મ બજાવ્યો પણ આવા ભીના લાકડા કામ નહીં લાગે બીજું કંઈક માગો તો આપુ.''

બે બ્રાહ્મણોએ હાથ જોડીને કહ્યું; ના, અમારે તો માત્ર ચંદનના જ લાકડા જોઈએ છે. યુધિષ્ઠિરના મહેલમાંથી બહાર આવીને તેઓ કર્ણ પાસે પહોંચ્યા અને યજ્ઞ માટે ચંદનના લાકડાની માંગણી કરી.

કર્ણએ પણ યુધિષ્ઠિરની જેમજ સૈનિકોને જંગલમાં જઈને ચંદનના લાકડા લઈ આવવાનું કામ સોંપ્યું, બન્ને બ્રાહ્મણોને ભોજન આપીને પોતાના આવાસમાં આરામ કરવા કહ્યું. સાંજ પડતા સુધીમાં તો સૈનિકો વીલા મોએ પાછા આવ્યા અને કહ્યું કે; બધા લાકડા વરસાદના મોસમને લીધે ઢીલા અને પોચા પડી ગયા છે.

બ્રાહ્મણ બનેલા અર્જુને મંદ મંદ સ્મિત કર્યું અને તરત જ મોઢા પરના ભાવ છુપાવી નિઃસાસો નાંખતા હોય તેમ કહ્યું; ''અમે યજ્ઞ કરવાનું માંડી વાળીએ જેવી પ્રભુની ઈચ્છા.''

પણ, કર્ણને તેમને ત્યાં આવેલ યાચક ખાલી હાથે જાય તે ગમતું નહોતું. એના મનમાં કંઈક વિચાર ઝબક્યો બન્ને બ્રાહ્મણોને ફરીથી આરામથી બેસવા કહ્યું, અને થોડો વધુ સમય માગ્યો.

કર્ણ વિચારવા લાગ્યો કે કડક ચંદનના લાકડા મળશે ક્યાંથી? થોડીજ મિનિટોમાં જ તેની નજર મહેલના દરવાજા અને મહેલના થાંભલાઓ પર પડી જે ચંદનના લાકડાથી બનાવેલા હતા. કર્ણએ કુહાડી મંગાવી અને બ્રાહ્મણોને કહ્યું કે; ''આ ચંદનના ઉત્કૃષ્ટ ગુણવત્તાના લાકડા આપીશ.''

આમ કહીને કર્ણએ કુહાડીથી મહેલના ચંદનથી બનેલા દરવાજા અને થાંભલાઓ, સુશોભિત કમાનો તોડી નાંખી લાકડાને ધારદાર સામગ્રીથી છોલીને તેમાંથી યજ્ઞમાં કામ લાગે તેવા સરસ મજાના લાકડાની ગઠરી બનાવી અને ભારાને ઉચકીને બ્રાહ્મણોના ઘરે મોકલી આપવા એક મદદનીસને સાથે મોકલ્યો.

ચંદનના લાકડા જેવા તે બ્રાહ્મણોના ઘરે પહોંચી ગયા અને મદદનીશ પાછો જવા રવાના થયો કે તરત જ કૃષ્ણ અને અર્જુને પોતાનો વેશ ધારણ કરી લીધો શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું કે; ''પાર્થ હવે તને સમજાય છે ને કે યુધિષ્ઠિર કરતા કર્ણ કેમ દાનવીર તરીકે પૂજાય છે.''.

અર્જુને મનથી તો સ્વીકાર્યું પણ તેના ભ્રાતાની હાર સ્વીકારવા તૈયાર નહોતો, તેણે શ્રી કૃષ્ણને કહ્યું; ''ભગવાન એ તો આપણે બ્રાહ્મણ બનીને ગયા હતા એટલે કર્ણએ સૈનિકોને મોકલ્યા હતા. પણ જો તમે યુધિષ્ઠિરને કહ્યું હોત કે તારા મહેલના દરવાજા ચંદનના બનેલા છે તે તોડીને આપો તો યુધિષ્ઠિરે પણ ના ન પાડી હોત. સહર્ષ દરવાજા પર કુહાડી ફેરવી હોત.''

ત્યારે શ્રી કૃષ્ણ કહે છે કે; ''પાર્થ, જિજ્ઞાસા સંતોષવા તારી દલીલને હુ આવકારું છું, પણ તારા ભ્રાતા પ્રત્યેનો પ્રેમ અને પાંગળો બચાવ તારો વિકાસ રૂંધી દેશે. આમ છતાં તને સમજાયું કે યુધિષ્ઠિર દાનને તેની ફરજ માનીને તેનો ધર્મ માનીને કરે છે તે સારી વાત છે, પણ કર્ણ ધર્મ માટે નહીં પણ પોતાના સંતોષ, પોતાના આનંદ, કર્તવ્ય અને સંસ્કારને વશ કાર્ય કરે છે સામેની વ્યક્તિને આનંદ અને સંતોષ મળે તેનો હેતું સરે તો જ તેને આનંદ પ્રાપ્ત થાય ત્યારે ધ્યેય પરિણામ લક્ષી થાય.

કર્ણનો ધ્યેય પરિણામલક્ષી અને સામેની વ્યક્તિને મૂંઝવણમાંથી બહાર લાવવાનો હતો. યુધિષ્ઠિરને કહ્યું હોત તો તેમણે પણ ચંદનના દરવાજા તોડી આપ્યા હોત તેવો તારે બચાવ યોગ્ય નથી, કેમકે મૂળ મર્મ જ તેવો વિચાર આવવાનો જ છે જે કર્ણને મહાન બનાવે છે.

કૃષ્ણ અને અર્જુનના સંવાદ પરથી કોર્પોરેટ જગતના જ નહીં પણ ઉત્કૃષ્ટ જીવન જીવવાના મેનેજમેન્ટના પણ બોધપાઠ લઈ શકાય છે. કોઈપણ કાર્ય કરો તેમાં શક્ય સુધી પૂર્ણતાનો ભાવ ઉમેરવો જોઈએ. માત્ર ઓફિસના નિયમ મુજબના કલાકો પ્રમાણે કામ કરવાથી શ્રેષ્ઠ પરિણામ નથી આવતું.

ભલે તમે પ્રોજેક્ટમાં નેતૃત્વ કરતા હોવ પણ તેમાં તમારી ટીમ જોડે તેમાં તમે સાથ આપો તો ''Leading From the Front'' તેમ કાર્યની પૂર્ણતામાં સન્માન મળે. માત્ર સ્વકેન્દ્રી ના બનાય જો અનુકંપાના ગુણ હશે તો કુદરતે ગોઠવેલી દિવ્ય સુખની અનુભૂતી પામી શકશો.

## ફૂલમાં ખુશ્બુ હોય છે

કોઈ પારખુ ઝવેરી રસ્તે પડેલા કાચા હીરાને જોતાવેત ઓળખી જાય એમ કોઈ જ્ઞાન જાણતલ આપણા હૃદયની ભાવસવારી ખોદી બતાવે ત્યારે અચરજ થાય છે કે આપણામાં શક્તિના, સામર્થ્યનો કેટલો અણમોલ ખજાનો વપરાયા વગરનો પડ્યો છે જેની આપણને જાણ નથી.

યુનાનના પ્રેસ પ્રાંતમાં એક ગરીબ છોકરો રહેતો હતો તે રોજ જંગલમાં લાકડાં કાપવા જતો સાંજે તેનો ભારો બનાવી બજારમાં વેચી તેના જે પૈસા મળે તેમાંથી તેના કુટુંબનું ભરણ-પોષણ થતું. એક દિવસ યુનાનના પ્રખ્યાત ફિલોસોફર ડેમોક્રિટિસે આ છોકરાને ભારો ઉંચકીને જતો જોયો ડેમોક્રિટસે જોયુ કે તેનો ભારો કોણે બાંધ્યો છે ? છોકરાએ કહ્યું; ''તેણે પોતે જ બાંધ્યો છે'' ડેમોક્રિટ્સે પૂછ્યું - ''ખરેખર ! તું આ ભારો ખોલીને ફરીથી આવી રીતે બાંધી શકે ?''

છોકરાએ ભારો ખોલી ફરીથી અસાધારણ રીતે બાંધી બતાવ્યો તે છોકરાની કામ કરવાની ચીવટ, ધગશ ્ને કાર્યનિષ્ઠા જોઈ ડેમોક્રિટ્સ ખૂબ પ્રભાવિત થયા. તેની સાથે તેના ઘેર ગયા અને છોકરાના માતાપિતાને વિનંતી કરી, ''જો તમે આ બાળકને મારી સાથે મોકલશો તો હું તેનો ખૂબ સારી રીતે ઉછેર કરીશ તેને ખૂબ ખૂબ ભણાવીશ'' એ છોકરો ડેમોક્રિટ્સ સાથે ગયો. ભણ્યો, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. આ છોકરો એટલે ભૂમિતિમાં મહત્વના સંશોધન કરનાર ''પાયથાગોરસ'' તેણે શોધેલો પાયથાગોરસનો સિદ્ધાંત આજે પણ આખી દુનિયામાં ભણાવાય છે.

જેમ સુગંધિત થઈને આવતા પવન પાસેથી બગીચાના ફૂલોની ખબર મલી જાય એમ પારખુ નજરને સામેની વ્યક્તિમાં રહેલા વિશિષ્ટ ગુણોની જાણકારી મળી જાય છે. બળબળતા રણના રેતકણોની નાભિ નીચેય પાણીની ભીનાશ રહેલી હોય છે, જરૂર છે ઉપરની રેતીના થરને હટાવવાની એ જરૂરી નથી કે કોઈ બીજી વ્યક્તિ આપણી પ્રતિભા શક્તિને શોધી બતાવે. એ કામ આપણે પણ કરી શકીએ. ટેલિસ્કોપથી દેખાય એટલા ચાંદ - તારા ઘણા જોઈ લીધા જરા, ભીતર કોકડું વાળીને બેઠેલી શક્તિને જગાડીએ.

★ ★ ★




PATOLA
BY NIRMAL SALVI

Original GI 232 Certified Patan Patola Sarees, Dupattas, Lehengas, Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear & Bandhani.

Ahmedabad
A-104, Stellar, 1st Floor
Sindhu Bhavan Road,
Bodakdev, Ahmedabad - 380054
+91 9700749000/ 9879128888

Delhi
D-9, Block-D, Defence Colony,
Delhi - 110024
+91 9824884884

Mumbai
Shop no 1 B, GF,
72-Bhulabhai Desai Road,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
+91 9819928299

patola_bynirmalsalvi

ADVT

sheetal PATOLA
Sunil Salvi



PATAN
Motisha Darwaja, Saibaba Mandir Road, Patan. (N.G)
Gujarat - 384265
+91 98259 86863
+91 98243 30799

AHMEDABAD
109, Stellar, Sindhu Bhavan Road, Bodakdev, Ahmedabad
Gujarat - 384265
+91 98246 48623
+91 97370 48800

MUMBAI
Coming Soon...

DOUBLE IKAT PATAN PATOLA SAREES & DUPATTAS
SEMI IKAT PATOLA | SINGLE IKAT PATOLA
ACCESSORIES | MENSWEAR | LEHENGA & BANDHANI

sheetalpatolabysunilsalvi

ADVT

# ઢીંગલીનો સંદેશ : ''હું વર્લ્ડ ટૂર પર ગઈ છું.''

એક સાત - આઠ વર્ષની બાલિકા અરહા, એના મિત્રો સાથે ગાર્ડનમાં જતી અને એની મિત્ર ઢીંગલી સાથે રમતી. બગીચામાં રંગબેરંગી પતંગિયા, કોયલનો ટહુકાર, અનેકવિધ પુષ્પો, ભ્રમર એક ફૂલથી બીજા ફૂલ પર પરાગરજ પ્રસરાવતા મધુર ગુંજન કરે... એ બધાને અરહા મુગ્ધભાવે આસ્વાદ માણે અને નિર્દોષભાવે ઢીંગલી સાથે રમવામાં કેટલોક સમય પસાર કરે છે.

આ જ બગીચામાં એક પ્રૌઢ અને ગંભીર એવા દિલીપભાઈ દરરોજ આવતા, અરહા અને તેની બાળમિત્ર ઢીંગલીને કિલ્લોલ કરતા નિહાળી આનંદિત થતા. એક દિવસ અરહા તેની પ્રિય ઢીંગલીને વૃક્ષ નીચે મૂકી તેના બાલમિત્રો સાથે દોડાદોડી અને ધીંગામસ્તી કરતી બગીચામાં ઘણી દૂર ચાલી ગઈ. પાછી આવી અને વૃક્ષ નીચે જ્યાં ઢીંગલી રાખી હતી ત્યાં ગઈ, પણ ત્યાં ઢીંગલી ન હતી. તે આકુળવ્યાકુળ થઈ ગઈ, ઘણી જગ્યાએ ઢીંગલીની શોધખોળ કરી, પરંતુ ઢીંગલી ન મળી અને તે દુઃખી થઈ ગઈ. એવામાં વૉક કરતા દિલીપભાઈ ત્યાંથી પસાર થતા હતા. અરહાનો રડમસ ચહેરો જોઈ અને કહ્યું તે, ''બેટા શું થયું ? પડી ગઈ ? ક્યાં વાગ્યું ?'' અરહા કહે, ''ના અંકલ, હું મારી ઢીંગલી અહીં રાખીને ગઈ'તી પણ પાછી આવીને જોયું તો ઢીંગલી ન હતી.'' દિલીપભાઈએ કહ્યુ, ''અત્યારે ઘણું મોડું થયું છે. કાલે હું પણ થોડો વહેલો આવી જઈશ અને આપણે બન્ને મળીને ઢીંગલીને શોધી લઈશું. અરહા કહે, અંકલ, મેં બધેજ જોયું, સાચે જ મને ક્યાંય ન મળી, મારી પ્રિય ઢીંગલી ખોવાઈ ગઈ છે.'' દિલીપભાઈએ તેને આશ્વાસન આપી વિદાય કરી. બીજે દિવસે લિલીપભાઈ ગાર્ડનમાં થોડા વહેલા આવ્યા અને અરહાની રાહ જોતા બેન્ચ પર બેઠા. અરહા આવી એટલે તેમણે તરત જ પૂછ્યું, ''અંકલ, શું મારી ઢીંગલી મળી ?'' દિલીપભાઈએ કહ્યું, ''ઢીંગલી તો નથી મળી, પણ તારા પર ઢીંગલીએ એક પત્ર લખ્યો છે તે મળ્યો.'' અરહાએ ઝડપથી તે પત્ર હાથમાં લીધો.

ઢીંગલીનો સંદેશ હતો કે, ''પ્રિય અરહા ! હું વર્લ્ડ ટૂર પર ગઈ છું, હું તને જે જે સ્થળોએ જઈશ તેનું વર્ણન કરતો પત્ર મોકલતી રહીશ, તું પ્રસન્ન રહેજે.''

દિલીપભાઈએ કહ્યું, ''હવે તો તું ખુશ ને ? તારી ઢીંગલી તો દુનિયાની સફરે ગઈ છે અને તને યાદ પણ કરે છે !''

બે દિવસ પછી દિલીપભાઈએ અરહાને ઢીંગલીનો પત્ર આપ્યો. ''અમેરિકામાં આજે મેં નાઈગ્રાધોધ જોયો, ખૂબ મજા આવી, સ્ટેચ્યુ ઓફ લીબર્ટી પણ જોયું, તને ખૂબ યાદ કરી. પત્ર વાચીને તો અરહા હર્ષિત થઈ ને નાચવા કૂદવા લાગી. થોડા દિવસ પછી દિલીપભાઈને તેને યુરોપની યાત્રાની વિગતો જણાવતો પત્ર આવ્યો, જેમાં તેણે એફિલ ટાવર વગેરેનું હૂબહુ વર્ણન કરેલું.

સમાંતરે દિલીપભાઈ બગીચામાં વહેલાસર પહોંચી બેન્ચ પર બેઠા અરહા આવતાં જ તેને કહ્યું કે, ''જો, આ તારી ઢીંગલી વર્લ્ડ-ટૂર કરીને પાછી આવી ગઈ છે.'' અરહાએ ઢીંગલી હાથમાં લઈને કહ્યું કે, ''અંકલ, આ મારી ઢીંગલી નથી.'' દિલીપભાઈએ કહ્યું, ''આ ઢીંગલીની બાજુંમાંથી એક પત્ર પણ મને મળ્યો છે'' અને એમણે એ પત્ર અરહાને આપ્યો. ઢીંગલીએ લખ્યું હતું કે, ''હું વર્લ્ડ ટૂરથી પાછી આવી ગઈ છું, પણ મને જોઈને તું એમ વિચારીશ કે આ મારી ઢીંગલી કેમ હોઈ શકે ? માટે જ હું તને આ પત્ર લખી રહી છું. વર્લ્ડ - ટૂર કરવાને કારણ મારો રંગ બદલાઈ ગયો છે. મારું કદ અને વસ્ત્રો પણ બદલાઈ ગયા છે, પરંતુ હું જ તારી પ્રિય ઢીંગલી છું.'' અરહાએ આનંદિત થઈ ઢીંગલીને છાતીસરસી ચાંપી દીધી અને અંકલને પ્રણામ કરી ઢીંગલીની સાથે બગીચામાંથી નીકળી ગઈ.

સમય સરતો ગયો. અરહા બાળપણમાંથી તરુણી બની ગઈ હતી. અચાનક એક દિવસ એના હાથમાં ઢીંગલી આવી, જાણે તેના સ્મરણ - મંજૂષામાંથી કેટલીક મધુર યાદોના પંખીઓ ઊડ્યા. ઢીંગલીને નિહાળી આમતેમ ફેરવી તો તેના વસ્ત્રોમાંથી તેને એક ચિઠ્ઠી મળી. તેમાં લખ્યું હતું કે, ''પ્રિય અરહા ! પરિવર્તનનો સ્વીકાર એજ આપણા જીવનના વિકાસનું પરિબળ છે. પ્રેમ અને સ્નેહના સ્વરૂપો બદલાય છે, પણ પ્રેમ ચિરંજીવ રહે છે. ''તું પ્રગતિ કરી રહે'' એવા દિલીપ અંકલના આશીર્વાદ અને તેમાં વર્ષો પહેલાંની તારીખ લખી હતી.''

હવે અરહાને સમજાયું કે, ઢીંગલીનું સ્વરૂપ બદલાયું પણ દિલીપ અંકલના પત્રોએ મને પ્રસન્ન રાખી.

બર્લિનના લેખક લેરીસા થ્યુલ આ દ્રષ્ટાંત દ્વારા સંદેશ આપે છે કે, કોઈના દર્દને દૂર કરવું અને તેને ખુશ રાખવા, તે સદાચારનું એક લક્ષણ છે. ભગવાન મહાવીરના વીતરાગ ધર્મમાં આ વાત સુપેરે સમજાવી છે કે, અન્યનું દુઃખ જોઈ આપણે એના દુઃખની અનુભૂતિ કરી, એ દુઃખ દૂર કરવાનો પુરુષાર્થ કરીએ, આ સમાનુભૂતિ દ્વારા આપણામાં સંવેદના પ્રગટ થશે જે સ્વ પર કલ્યાણકારક છે. અહીં દિલીપ અંકલની સંવેદના - વાત્સલ્યભાવ અને બાલિકાના નિર્દોષભાવે જીવનની એ ક્ષણોમાં કાંચનમણિ યોગનું સર્જન કર્યું.

– અસ્તુ –

# સંસ્થા સમાચાર



તા. ૩ માર્ચ ૨૦૨૬ના રોજ **શ્રીમતી એમ. કે. વ્યાસ અને શ્રીમતી વાય.આર. સાડેસરા બહેરા મૂંગા શાળા** પાટણ ખાતે કાર્યક્રમની શરૂઆતમાં **આચાર્યશ્રી ઘેમરભાઈ દેસાઈના માર્ગદર્શન** હેઠળ સ્પે. શિક્ષક વર્ષાબેન જોષી દ્વારા બધિર બાળકોને હોળી ધૂળેટી તહેવાર વિશે સામાજિક અને ધાર્મિક મહત્વ સમજાવીને પર્વની જાણકારી આપી. ત્યારપછી બહેરા મૂંગા બાળકોએ સાથે મળીને રંગોત્સવનો આનંદ માણ્યો. પર્યાવરણની જાળવણી અને બાળકોમાં ભાઈચારાના સંદેશ સાથે ઓર્ગેનિક રંગોથી એકબીજાને રંગ લગાવીને નાચગાન સાથે ઉત્સાહ પૂર્વક હોળી ધૂળેટીના તહેવારની ઉજવણી કરી ધાણી અને ખજૂરનો સ્વાદ બાળકોએ માણ્યો હતો. આ ઉજવણીમાં બાળકો સાથે શિક્ષકો પણ જોડાઈને એકબીજાને હોળીની શુભેચ્છાઓ પાઠવી.

હોળી પર્વ સાથે વિશ્વ શ્રવણ દિવસ હોઈ શાળાના **આચાર્ય ઘેમરભાઈ દેસાઈ** દ્વારા વહેલું નિદાન, સમાન તક, અવાજ પ્રદૂષણ, કાનની સંભાળ અને બહેરાશ નિવારણ વિશે જાણકારી સાથે શ્રવણ શક્તિ ગુમાવનાર બાળકો પ્રત્યે પૂર્વગ્રહો છોડી ટેક્નોલોજી દ્વારા તેમને મુખ્ય પ્રવાહમાં જોડી શિક્ષણ અને રોજગારીમાં સમાન તકો બાબતે લોકજાગૃતિ આપવામાં આવી. લાઉડસ્પીકર, ડી.જે. ના મોટા અવાજથી થતાં કાયમી નુકસાન, લાંબા સમય સુધી હેડફોન કે ઈયરબડ્સનો ઉપયોગ ટાળવા તથા કાન સાફ કરવા પીન, પેન્સિલ કે અણીદાર વસ્તુઓનો ઉપયોગ ન કરવા અને જો વારંવાર સામેની વ્યક્તિની વાત ફરી પૂછવી પડે, વાતચીત સ્પષ્ટ સંભળાય નહીં તો તરત જ ઓડીયોલોજીસ્ટની સલાહ લેવી જરૂરી છે. વહેલુ નિદાન કરાવવાથી આગળનું નુકસાન અટકાવી શકાય તે બાબતે લોકજાગૃતિ આપવામાં આવી.

## બીડીએસવી નૂતનીકરણ દાતાશ્રીઓના નામ

**મુખ્ય દાતાશ્રી :** (૧) શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ રૂા. ૭૫ લાખ
**સહાયક દાતાશ્રી :** (૨) શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલ રૂા. ૩૧ લાખ

**ગ્રાઉન્ડ ફ્લોર લોબીના ત્રણ દાતાશ્રીઓ રૂા. ૭ લાખ**

(૧) શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (યુએસએ)
(૨) શ્રી અસીમભાઈ શિરીષભાઈ શાહ (બીડીએસવી. ફાઉન્ડર)
(૩) શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

**૧ લો માળ લોબીના ત્રણ દાતાશ્રીઓ રૂા. ૫ લાખ**

(૧) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા)
(૨) શ્રી જશવંતભાઈ શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ)
(૩) શ્રી તેજપાલભાઈ હિરાલાલ પટવા (ભૂતપૂર્વ વિદ્યાર્થી, ઉંઝા)

**ક્લાસરૂમના દાતાશ્રીઓ રૂા. ૩ લાખ**

(૧) શ્રી વસંતભાઈ છોટાલાલ દોશી (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ)
(૨) શ્રી શૈલેષભાઈ કે. શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમદાવાદ)
(૩) શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ (કુંભારીયા પાડો)
(૪) શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
(૫) શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
હ. મૃદુલાબેન પ્રફુલભાઈ શાહ

### નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે

**એક સહાયક દાતા રૂા. ૫૧ લાખ • ૨૦ ક્લાસરૂમના દાતાશ્રી રૂા. ૩ લાખ**
**ગોલ્ડન સ્ટોન રૂા. ૨ લાખ • સીલ્વર સ્ટોન રૂા. ૧ લાખ**

**સંપર્ક**

**શ્રી દાનેશભાઈ શાહ (પ્રમુખ) 9930891985 • શ્રી રાજેન્દ્રભાઈ શાહ (ઉપપ્રમુખ) 9322227209**
**શ્રી ભરતભાઈ શાહ (સેક્રેટરી) 9323189941**

**TOGETHER WE WILL**
**TAKE JAIN FAMILY**
**HEALTH CARE TO NEXT LEVEL**

# OUR NEW PROJECTS


## Saurabh Medical healthcare

| ₹ 40 Cr | 8000+ | 25000+ |
|---|---|---|
| Total Project Size | Jain Families to Benefit | Indian Families of Goregaon get Benefit |

## SERVICES

- Pathology
- X-Ray
- Physio
- Sonography
- Reception
- Conference Room
- General Surgery
- Internal Medicine
- Ayurvedic
- Mammography
- General Consulting
- Cardiology Division & Consulting
- Dentist
- ENT
- Diabetes
- Ophthalmology
- Orthopedic
- Homeopathy
- Dermatology
- Pediatric

## WE WELCOME DONORS FOR THE FOLLOWING DEPARTMENTS




### Upcoming Donation Department List

| Department / Facility | Estimated Cost |
|---|---|
| Cath-Lab (Angiography/Angioplasty) | 15 Cr |
| Ophthalmic OT | 2 Cr |
| ICU Department (6 Beds) | 2 Cr |
| ICU Department (4 Beds) | 1.5 Cr |
| Reception Hall | 1.5 Cr |
| Super Deluxe Room | 1 Cr |
| Dental Department | 1 Cr |
| ENT Department | 1 Cr |
| Deluxe Room | 0.75 Cr |
| Paediatric Department | 0.5 Cr |
| Homeopathy | 0.5 Cr |
| Ayurvedic | 0.5 Cr |
| Twin Sharing Room No -1 | 0.5 Cr |
| Twin Sharing Room No -2 | 0.5 Cr |
| Twin Sharing Room No -3 | 0.5 Cr |
| Doctor's Rest Room | 0.5 Cr |

### BENEFITS OF SCHEMES

- 2 Years span to complete the payment.
- Max benefit Under 501C(3)
- Department to be named after your proposed name.

# શ્રી પાટણ જૈન મંડળ - સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના


| | | |
|---|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT** | Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT** | Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY** | Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT** | Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT** | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT** | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE** | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY** | Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT** | Smt. Geetaben Rakeshkumar Shah - D/o. Shri Seventilal Khemchand Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT** | Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 1 Cr | **PHYSIOTHERAPY** | Matushri Vimlaben Kantilal Shah - Matushri Champaben Nemchand Shah (Disawala)<br>Haste: Smt. Gunvantiben Arvindbhai Shah (USA) |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE** | Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE** | Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM** | Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM** | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT** | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING** | Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE** | Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |

| | |
|---|---|
| **50 Lc** | **DIABETIC DEPARTMENT**<br>**Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah** |
| **50 Lc** | **DERMATOLOGY DEPARTMENT**<br>**Shri Narendrabhai Kantilal Khandwala (USA)** |
| **25 Lc** | **DR. REPORTING ROOM**<br>**Smt. Bhanuben Sureshchandra Himatlal Shah**<br>**Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben** |
| **25 Lc** | **WAITING AREA**<br>**Shri Shirishbhai Mafatlal Zaveri**<br>**Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar** |
| **25 Lc** | **RECEPTION ROOM**<br>**Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)** |
| **25 Lc** | **CONFERENCE ROOM**<br>**Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara** |
| **25 Lc** | **OPG SECTION**<br>**Smt. Pravinaben Mahendrabhai Sandesara**<br>**Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara** |
| **25 Lc** | **GASTROENTEROLOGY**<br>**Shri. Jatinbhai Bhagwandas Shah**<br>**Haste: Smt. Ninaben Jatinbhai Shah** |
| **25 Lc** | **CHEST MEDICINE**<br>**Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani** |
| **25 Lc** | **GERIATRIC DEPARTMENT**<br>**Smt. Kinnariben Dipakbhai Shah** |
| **25 Lc** | **ALZHEIMER & DEMENTIA**<br>**Smt. Kiranben Pravinbhai Shah (USA)** |

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367




**પાટણ રેલ્વે સ્ટેશને ટ્રેનોનું નવું સુધારેલું સમયપત્રક:-**

**પાટણ સ્ટેશન પરથી આવતી ટ્રેનોનો સમય**

| ગાડી નંબર | આવશે | ઉપડશે | ક્યાંથી ઉપડશે - ક્યાં જશે | આગમન - પ્રસ્થાન |
|---|---|---|---|---|
| ૧૨૪૯૦ | ૦૦–૪૭ | ૦૦–૪૯ | દાદર થી બિકાનેર | સોમ, ગુરૂ |
| ૨૦૪૮૪ | ૦૦–૪૭ | ૦૦–૪૯ | દાદર થી ભગત કી કોઠી | બુધ, શનિ |
| ૧૯૨૭૧ | ૦૧–૪૫ | ૦૧–૪૭ | ભાવનગર થી હરિદ્વાર | મંગળ, શુક્ર |
| ૨૧૯૦૧ | ૦૫–૦૬ | ૦૫–૦૮ | બાન્દ્રા થી બાડમેર | શનિ |
| ૨૦૪૮૬ | ૦૮–૨૩ | ૦૮–૨૫ | સાબરમતી થી જોધપુર | દરરોજ |
| ૫૯૪૭૫ | ૦૯–૨૦ | –– | મહેસાણા થી પાટણ | દરરોજ |
| ૨૧૯૦૧ | ૦૯–૪૯ | ૦૯–૫૧ | બાન્દ્રા ટ. થી બાડમેર | શનિ |
| ૭૯૪૩૫ | ૧૧–૨૫ | –– | સાબરમતી થી પાટણ | રવિવાર સિવાય |
| ૧૪૮૦૮ | ૧૦–૩૫ | ૧૦–૩૭ | દાદર થી જોધપુર | સોમ, બુધ, શુક્ર |
| ૫૯૪૮૩ | ૧૩–૨૫ | –– | મહેસાણા થી પાટણ | દરરોજ |
| ૫૯૪૮૧ | ૧૮–૫૦ | ૧૮–૫૨ | મહેસાણા થી ભીલડી | દરરોજ |
| ૭૯૪૩૩ | ૨૦–૧૫ | –– | સાબરમતી થી પાટણ | દરરોજ |
| ૧૪૮૦૫ | ૨૦–૨૭ | ૨૦–૨૯ | યશવંતપુર થી બાડમેર | મંગળ |
| ૨૦૪૯૨ | ૨૩–૨૫ | ૨૩–૨૭ | સાબરમતી થી જેસલમેર | દરરોજ |

# અન્યને મદદ કરવી એ ઈશ્વરને મદદ કરવા સમાન



ભૂષણને મુંબઈના વ્યસ્ત વિસ્તારમાં ક્લાયન્ટની ઓફિસે ખૂબ મહત્વના કામથી ત્રણ વાગ્યે પહોંચવાનું હતું. તે ક્લાયન્ટની ઓફિસ નજીક પાર્કિંગ મેળવી ન શકતા અને ગાડી ખૂબ દૂર પાર્ક કરી ક્લાયન્ટને મળવા ચાલતા જવું પડ્યું. તે અડધો કલાક મોડો પહોંચ્યો અને ક્લાયન્ટ નારાજ થયો અને તેની મીટિંગ સારી ના રહી. આથી હવે પછી આ ગીચ વિસ્તાર નહીં જવાનું નક્કી કર્યું; અને જરૂર પડે તો ચાલતા કાં તો બસ દ્વારા જવાનું નક્કી કર્યું, પરંતુ ભગવાન આપણી પરીક્ષા કરે છે. બીજા દિવસે તેના પાડોશની પત્ની અચાનક બીમાર પડી અને તેને જલદીથી હૉસ્પિટલ લઈ જવી પડી. ખૂબ મહેનત બાદ, પડોશીને તેજ ગીચ વિસ્તારમાં હૉસ્પિટલમાં એક રૂમ મળ્યો. જ્યાં ભૂષણે તેની ગાડીમાં જવાનું ટાળવાનું નક્કી કર્યું હતું. પાડોશી પાસે ગાડી ન હતી અને કોઈ ટેક્સી મળતી ન હતી. પાડોશીએ ભૂષણને તેની ગાડીમાં તેમને હૉસ્પિટલ લઈ જવા વિનંતી કરી. આ વિનંતીથી ભૂષણ માટે બે મુશકેલીઓ ઊભી થઈ. એક, અગાઉ જણાવ્યા અનુસાર, તે વિસ્તાર ખૂબજ ગીચ હતો અને ત્યાં માત્ર ગાડી પાર્કીંગની મુશ્કેલી ન હતી, પરંતુ ગાડી ચલાવવી પણ મુશ્કેલ હતી. બીજું કે, ઓફિસે એક અગત્યની મીટિંગ હતી જે ભૂષણ રદ કરવા ન હતો ઈચ્છતો, કારણ કે તે મોટો બિઝનેસ કોન્ટ્રાક્ટ હતો જે તેને કલકત્તાથી મળવા આવેલા ક્લાયન્ટ તરફથી મળવાનો હતો. આ બન્ને કારણો તેને પાડોશીની વિનંતી નકારવા મજબૂર કરી રહ્યા હતા, પરંતુ ભૂષણ પડોશીની લાચારી સમજતો હતો અને તેને અંદરથી કંઈક એવું થઈ રહ્યું હતું કે, ગમે તે ભોગે, તે તેમની મદદ કરે. તેના માતાપિતાએ શીખવાડયુ હતું કે કોઈકની મદદ કરવી એ ભગવાનની સેવા કરવા કરતાં પણ ઉચ્ચ છે. માટે ભૂષણ પાડોશીને અને તેની પત્નીને હૉસ્પિટલ લઈ ગયો. ત્યાં જ ભગવાન તેને મદદ કરવા આવી ગયા. એ દિવસે કોઈ અજાણ્યા કારણોસર વિસ્તાર હંમેશાની જેમ ગીચ હતો. પણ ભૂષણ તેના પાડોશીની પત્નીને કોઈ મુશ્કેલી વગર હૉસ્પિટલના દરવાજે ઉતારી શક્યો અને અકલ્પનીય રીતે તેને હૉસ્પિટલથી ૧૫ ફૂટ દૂર પાર્કિંગની પણ જગ્યા મળી ગઈ. આ ખરેખર ચમત્કાર હતો. પાડોશીની પત્નીને હૉસ્પિટલમાં દાખલ કરી અને એક કલાકમાં તેને યોગ્ય સારવાર આપવામાં આવી અને ડૉક્ટરે જણાવ્યું કે તે ખતરામાંથી બહાર છે. પાડોશીએ ભૂષણનો સમયસર મદદ કરવા બદલ આભાર માન્યો અને તેના ખભા પર માથું નાખીને રડવા લાગ્યો. ભૂષણને તેને મીટીંગમાં ન જઈ શકવાના લીધે તેના ધંધામાં થનારા નુકસાની પણ ભગવાને સંભાળી લીધી. તેને તેના ક્લાયન્ટ તરફથી મેસેજ આવ્યો કે તેમની કલકત્તાથી મુંબઈની ફ્લાઈટ થોડાક કલાક માટે મોડી છે અને માટે મીટિંગ બીજા દિવસે રાખી છે. બીજા દિવસે જ્યારે મિટીંગ થઈ, તે ખૂબજ સારી રહી અને ભૂષણને મોટો કોન્ટ્રાક્ટ મળી ગયો. આપણે કેટલીકવાર કિંમત ચૂકવીને અને પોતાનું જતું કરીને બીજાને મદદ કરવી પડે છે. પણ અંતે, આપણે કશું જ ગુમાવતા નથી અને આપણે જો ગુમાવીએ તો પણ આપણે જે કંઈ પણ ગુમાવ્યું તે એના બદલામાં ઘણું બધું મેળવીશું.

ભૂષણે એજ કર્યું જે ભગવદગીતાના અધ્યાય ત્રીજાના ૨૦માં ને ૨૫માં શ્લોકમાં કહેવામાં આવ્યું છે. બન્ને શ્લોક વિશ્વના ભલા માટે સારું કરવાના મહત્વ વિશે વાત કરે છે. અજ્ઞાની સ્વાર્થીપણાનો વિચાર કરે છે જ્યારે ચતુર હંમેશા બીજાને મદદ કરવાની વાતને અગ્રીમતા આપવાનું વિચારે છે.

આપણે આ દુનિયામાં માત્ર ખાવા, પીવા અને શ્વાસ લેવા નથી આવ્યા. ભગવાને આપણને બુદ્ધિશાળી અને બીજાનું ભલું વિચારી શકવાની શક્તિ આપી છે જેનાથી આપણી આજુબાજુમાં અને વિશ્વમાં બદલાવ લાવી શકાય. મહાનતાનો સાચો અર્થ ગીતામાં જણાવવામાં આવ્યો છે એ કે તમારા માટે કેટલા લોકો કામ કરે છે એ નથી, પરંતુ તમે કેટલા લોકોને મદદ કરો છો એ છે.

–અસ્તુ–

## સુવિચાર

આપણું સુખ અને દુઃખ પરાયા હાથ પાસે છે કે પોતાના હાથ પાસે છે ? કોઈ અન્ય વ્યક્તિ બાહ્ય જગતની માલિક હોઈ શકે પરંતુ તમારા આંતર જગતના માલિક તો તમે પોતેજ છો.

ભીતરમાં તમારું રાજ્ય ચાલે છે અને તમારી આણ વર્તે છે. ભીતરમાં જે સુખ મેળવે છે એ જ બહાર સુખ મેળવે છે જે માત્ર બહાર સુખ મેળવવા જાય છે તે અંતે દુઃખ પામીને ભીતરનું સુખ પણ ગુમાવે છે.

# સાભાર સ્વીકાર

**સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટર ભેટ :**

૮૫,૦૦,૦૦૦/- સ્વ. શ્રીમતી વસંતબેન ચંપકલાલ મણિલાલ ઝવેરી. હ. શ્રી ભુપેન્દ્રભાઈ, શ્રી અશ્વીનભાઈ, શ્રી મુકેશભાઈ તથા શ્રી ધનંજયભાઈ ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

૧૬,૦૦,૦૦૦/- શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ હ. શ્રીમતી કાનલબેન હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ (કપુરમહેતાનો પાડો)

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૩૫,૦૦,૦૦૦/- શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ ચીમનલાલ શાહ (પોળની શેરી)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ હ. શ્રી અજયભાઈ જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)

૮,૭૧૫/- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ નગીનદાસ શાહ (કેશુશેઠનો પાડો)

**જીવન નિર્વાહ સહાય ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૬,૭૫,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સંવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર હ. શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)

૧,૧૬,૫૦૦/- મે. નીશકેમ ઈન્ટરનેશનલ પ્રા.લિ. હ. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહહ (ઢંઢેરવાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રી કેશવલાલ કીલાચંદ શાહ (કુંભારીયા પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રી સેવંતિલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૧,૦૦,૦૦૦/- સ્વ. શ્રીમતી તરૂણાબેન સુરેશભાઈ શાહના સ્મરણાર્થે (લીમડીનો પાડો) હ. શ્રીમતી રીમાબેન યશભાઈ શાહ

૧,૦૦,૦૦૦/- શ્રીમતી ધારાબેન શૈલેષભાઈ શાહ (કુંભારીયા પાડો)

૫૧,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન જયકુમાર શાહ ડૉ. ખુશાલી કામીનભાઈ શાહ Ph.D થયાની ખુશાલીમાં (મણિયાતી પાડો)

**અનાજ વિતરણ સહાય ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રીમતી હેમલબેન જનકભાઈ શાહ (મનમોહનજીની શેરી)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી મુકુલબેન બિપીનચંદ્ર ઝવેરી (રાણીવાળા) (ખડાખોટડીનો પાડો)

Cont page 39

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | મંજુલાબેન રસિકલાલ શાહ | ૮૮ | ભાયંદર | ૧૫-૦૨-૨૬ | મહા વદ ૧૩ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | પંકિતભાઈ વિજયભાઈ શાહ | ૩૯ | વિલેપાર્લા | ૧૭-૦૨-૨૬ | મહા વદ ૩૦ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | જિતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | ૯૦ | અમદાવાદ | ૧૭-૦૨-૨૬ | મહા વદ ૩૦ |
| વિશા ઓસવાલ | ઝવેરી વાડો | અરૂણાબેન રતિલાલ ઝવેરી | ૮૯ | નેપિયન્સી રોડ | ૧૮-૦૨-૨૬ | ફાગણ સુદ ૦૧ |
| દશા શ્રીમાળી | કનાસાનો પાડો | હરેશભાઈ પુનમચંદ શાહ | ૮૫ | ગોરેગામ | ૨૨-૦૨-૨૬ | ફાગણ સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મી માતાનો પાડો | લલિતાબેન રજનીકાંત શાહ | ૮૫ | ગુલાલવાડી | ૨૬-૦૨-૨૬ | ફાગણ સુદ ૧૦ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | રમેશચંદ્ર ચીમનલાલ ઝવેરી | ૮૧ | વિલેપાર્લા | ૦૩-૦૩-૨૬ | ફાગણ સુદ ૧૫ |
| દશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | સરલાબેન દેવેન્દ્રભાઈ શાહ | ૯૩ | વિલેપાર્લા | ૦૫-૦૩-૨૬ | ફાગણ વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | દિનેશભાઈ પોપટલાલ પાલેજવાળા | ૭૯ | અંધેરી | ૦૫-૦૩-૨૬ | ફાગણ વદ ૦૨ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | રશ્મિકાબેન હસમુખલાલ શાહ | ૮૪ | ભાયંદર | ૦૬-૦૩-૨૬ | ફાગણ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | ઉષાબેન ભુપેન્દ્રભાઈ શાહ | ૮૩ | વિલેપાર્લા | ૧૦-૦૩-૨૬ | ફાગણ વદ ૦૭ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | અરૂણાબેન પ્રવિણચંદ્ર શાહ | ૬૮ | ગોરેગામ | ૧૪-૦૩-૨૬ | ફાગણ વદ ૧૦ |
| વિશા શ્રીમાળી | મણિયાતિ પાડો | લતાબેન પ્રમોદભાઈ શાહ | ૭૭ | બેંગ્લોર | ૧૭-૦૩-૨૬ | ફાગણ વદ ૧૩ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫,૦૦,૦૦૦/- શ્રી નવીનચંદ્ર પ્રેમચંદ શાહની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે. હ. શ્રી મીહીરભાઈ નવિનચંદ્ર શાહ (વખતજીની શેરી)

**શ્રી બી.ડી.એસ.વી. નૂતનીકરણ ભેટ :**

૩,૦૦,૦૦૦/- શ્રી વસંતભાઈ છોટાલાલ દોશી

**લોનાવાલા જિનાલય ભેટ (દેવદ્રવ્ય ભેટ) :**

૧૧,૭૦,૦૦૦/- શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપ્રાલા - ઈસ્ટ)

૧૧,૭૦,૦૦૦/- શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટીઝ

૯,૦૦,૦૦૦/- શ્રી શાંતિનાથ જિનાલય કનાસાનો પાડો મોટુ જિનાલય-પાટણ

૫,૭૯,૦૦૦/- શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર

૫,૦૦,૦૦૦/- શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપ્રાલા - વેસ્ટ)

**ગત અંકનો ભુલ સુધાર :-**

**લોનાવાલા જિનાલય ભેટ (દેવદ્રવ્ય ભેટ)**

સંઘવી અંબાલાલ ધાર્મિક ટ્રસ્ટ - વાલકેશ્વરને બદલે

(ફેબ્રુઆરી પ્રતિબિંબના પાના નં. ૨ અને ૨૩)

૫,૦૦,૦૦૦/- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (બાણગંગા, વાલકેશ્વર)

## સાહિત્ય વારસો

**એક યુગ હતો...**

જ્યાં શબ્દો માત્ર અક્ષરોનો સમૂહ કે લખાણ નહોતા.
એ વિચાર હતા, શક્તિ હતા.
સમાજની માનસિકતાનું પ્રતિબિંબ હતા.
**'સાહિત્ય'** એ કેવળ વિષય નહોતો, સંસ્કૃતિની સમૃદ્ધિ હતી.
કવિતા એ ફક્ત જૂજ શબ્દ સમૂહ નહોતો, આત્માની અભિવ્યક્તિ હતી.
પુસ્તકોની સુગંધમાં વસતો હતો સમય,
પાનાઓના સરસરાટમાં ઝળહળતા હતા સ્વપ્નો.
શબ્દો શીખવતા સુંવાળી સંવેદનાનું વિસ્તૃત આકાશ.

**પણ આજે ....**

અક્ષર એકલો અટૂલો ક્યાંક ખૂણે જઈને બેઠો છે.
**'સ્ક્રીન'ની** ચમકમાં **'સાહિત્ય'ની** સુવાસ વિખરાઈ ગઈ છે.
અર્થની ગહનતા છોડીને, વાક્યો થયા સંક્ષિપ્ત
Likes અને Shareની દોડમાં, મન થયું ઉપક્ષિપ્ત.
ભાવનાઓ emojiમાં અને વિચારો statusમાં થયા કેદ.

**આજે 'વિશ્વ કવિતા દિવસે'....**

ડિજીટલ યુગમાં પણ સાહિત્યને આપીએ ગૌરવવંતુ સ્થાન.
e-book, બ્લોગ, કવિતા થકી આપીએ શબ્દોને માન.
બાળકોને વાર્તા, યુવાનોને વિચારો અને સમાજને
**'સાહિત્ય'** સંપતિનો વારસો.

**શબ્દોનાં સરોવરમાં ડૂબકી મારીને રચીએ એક એવો ઈતિહાસ જે બની રહે ભાવી પેઢી માટે માણસાઇનો સાચો શણગાર...!!!**

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસિયા**


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

✪ મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,૦૦૦/–
✪ મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,૦૦૦/–
✪ સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
✪ ભોજન ખંડમાં ફોટો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,૦૦૦/– ✪ દૈનિક ભક્તિ રૂા. ૫,૦૦૦/–

✪ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ✪ સાધર્મિક ભક્તિ ✪ મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ

ADVT

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

## જીવન નિર્વાહ સહાય તથા સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૨૧ લાખના દાતા**

૧. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૩. શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૫. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
૬. શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી
૭. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)
૮. શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૯. શ્રીમતી કીન્નરીબેન દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૧૦. શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ
૧૧. શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા પરિવાર (કેશુશેઠનો પાડો)
૧૨. શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL - 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020 and Printed - NITIN JAYCHAND BADANI, Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,